A

# ગાંધીનગર મહાનગરપાલિકા

## સામાન્યસભાએ મંજુર કરેલ
## દ્વિતિય અંદાજપત્ર
## ૨૦૧૩-૧૪


(૧) સામાન્યસભામાં ઠરાવ ........................................ પાના.નં. ૧ થી ૬

(૨) સ્થાયી સમિતિ ઠરાવ ........................................ પાના.નં. ૧ થી ૮

(3) ચેરમેનશ્રીનું નિવેદન ........................................ પાના.નં. ૧ થી ૫

(૪) કમિશનરશ્રીનું નિવેદન ........................................ પાના.નં. ૧ થી ૨૩

(૫) બજેટ ........................................ પાના.નં. ૧ થી ૧૦

# ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા તા.૧૯–૦૨–૨૦૧૩ ના રોજ બપોરના ૨:૩૦ કલાકે શ્રી મહેન્દ્રસિંહ મનુભા રાણાના અધ્યક્ષપણા હેઠળ મળી તેના ઠરાવની નકલ

| વિષય | દરખાસ્ત તથા સુધારો | | મત આપવામાં આવ્યો તે | | ઠરાવ | | તે જ વિષય ઉપર થયેલા ઠરાવના અંક તથા તારીખ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | નામ<br>૧.દરખાસ્ત કરનારનું<br>૨.અનુમોદન આપનાર | દરખાસ્ત કે સુધારો આવ્યો તે | તરફેણમાં | વિરુધ્ધમાં | અનુક્રમ અંક તથા તારીખ | મતલબ | છેવટનો પાછલો ઠરાવ | આગળનો હવે પછી ઠરાવ થાય તે |
| વિષય નં –૨<br><br>ગાંધીનગર મહાનગરપાલિકાનું સને ૨૦૧૨–૧૩નું રીવાઈઝ બજેટ તથા સને–૨૦૧૩–૧૪ના વર્ષના આવક તથા ખર્ચના અંદાજો અંગે સ્થાયી સમિતિએ ઠરાવ અંક–૧૦૯, તા.૬/૨/૨૦૧૩થી તૈયાર કરેલ અંદાજ પત્ર જોવાઈ યોગ્ય તે નિર્ણય કરવા બાબત. | ૧.<br>શ્રી એ.એમ.દવે<br><br>૨.<br>શ્રી એમ.બી.પટેલ<br><br>૩.<br>શ્રીમતી આર.એન.પરમાર | **દરખાસ્ત**<br>કામના કાગળો જોયા,<br>ચર્ચા–વિચારણા કરી.<br>સ્થાયી સમિતિએ સુચવ્યા મુજબ સને–૨૦૧૨–૧૩ના વર્ષમાં લેવામાં આવેલ કર દરને આગામી વર્ષ ૨૦૧૩–૧૪ માટે યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે. પ્રજા ઉપર કોઈ પણ કર દરનો વધારો નહી કરવાનું ઠરાવવામાં આવે છે.<br><br>પાછળ..., | ૧૭<br>(૧)મનુભાઈ પટેલ<br>(૨)જે.એમ.પુરોહિત<br>(૩) દેવેન્દ્રસિંહ ચાવડા<br>(૪) એસ.પી.જયોતિકર<br>(૫) એસ.એન.મહેતા<br>(૬) જી.એસ.પરમાર<br>(૭) દર્શનાબેન અડાલજા<br>(૮) કાર્તિકભાઈ પટેલ<br>(૯)પરાગીબેન પંડયા<br>(૧૦)રાકેશકુમાર પટેલ<br>(૧૧)શંકરભાઈ ચૌધરી<br>(૧૨)રમીલાબેન પરમાર<br>(૧૩)આશિષકુમાર દવે<br>(૧૪)પ્રકાશભાઈ પટેલ<br>(૧૫)પ્રવિણાબેન દરજી<br>(૧૬)સુભાષ પાંડવ<br>(૧૭)હંસાબેન મોદી | ૧૫<br>(૧)વાય.આઈ.પરમાર<br>(૨)પી.ડી.પટેલ<br>(૩)સી.એમ.વિંઝુડા<br>(૪)એચ.જી.મકવાણા<br>(૫)ભાવનાબા વાઘેલા<br>(૬)પિન્કીબેન પટેલ<br>(૭) એ.કે.વ્યાસ<br>(૮)એસ.બી.બિહોલા<br>(૯)એન.કે.વર્સાત<br>(૧૦)મીનાબેન વાઘેલા<br>(૧૧)બી.એલ.ચાવડા<br>(૧૨)એચ.એચ.પંડયા<br>(૧૩)જે.એલ.રાયકા<br>(૧૪)એ.આર.શ્રીમાળી<br>(૧૫)આર.ડી.ખાંટ | ૫૬<br>૧૯/૦૨/૧૩ | વધુ મતે મંજુર | | |

# ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા તા.૧૯–૦૨–૨૦૧૩ ના રોજ બપોરના ૨:૩૦ કલાકે શ્રી મહેન્દ્રસિંહ મનુભા રાણાના અધ્યક્ષપણા હેઠળ મળી તેના ઠરાવની નકલ

દરખાસ્ત તથા સુધારો

વિષય

સ્થાયી સમિતિએ ઘડેલ અંદાજપત્રમાં નીચે મુજબ ફેરફાર કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) રેવન્યુ ખર્ચ તથા કેપીટલ ખર્ચમાં નીચેનો ફેરફાર કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) રેવન્યુ ખર્ચ:–

| ક્રમ | સદર | સ્થાયી સમિતિએ સુચવેલ રકમ (રૂા. લાખમાં) | સામાન્ય સભાએ સુચવેલ રકમ (રૂા. લાખમાં) | વધારો (રૂા. લાખમાં) | ઘટાડો (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૫ | માનનીય મેયરશ્રી ડીશક્રિશનરી ગ્રાન્ટ | ૨.૦૦ | ૫.૦૦ | ૩.૦૦ | – |

(૨) કેપીટલ ખર્ચ:–

| ક્રમ | સદર | સ્થાયી સમિતિએ સુચવેલ રકમ (રૂા. લાખમાં) | સામાન્ય સભાએ સુચવેલ રકમ (રૂા. લાખમાં) | વધારો (રૂા. લાખમાં) | ઘટાડો (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૪ | એર કન્ડીશન | ૪.૦૦ | ૫.૦૦ | ૧.૦૦ | – |
| ૫ | ફર્નિચર અને ફિકચર્સ | ૨૫.૦૦ | ૩૦.૦૦ | ૫.૦૦ | – |
| ૬ | ફેક્ષ મશીન અને ઝેરોક્ષ મશીન | ૩.૦૦ | ૫.૦૦ | ૨.૦૦ | – |
| ૭ | સોફ્ટવેર પ્રોગ્રામીંગ | ૧૦.૦૦ | ૧૫.૦૦ | ૫.૦૦ | – |
| ૧૬ | સમાધી લેનાર સમાજ માટે સમાધી કામ | ૧૦.૦૦ | ૦૦.૦૦ | – | ૧૦.૦૦ |
| ૧૯ | રંગમંચ રીનોવેશન | ૨૦૦.૦૦ | ૧૦૦.૦૦ | – | ૧૦૦ |
| ૨૧ | માનનીય મેયરશ્રીના સુચન મુજબના કાર્યો કરવા | ૧૦.૦૦ | ૨૦૦.૦૦ | ૧૯૦.૦૦ | – |
| ૨૨ | નવીન સીટી કન્વેન્શન સેન્ટર | ૨૫.૦૦ | ૦૦.૦૦ | – | ૨૫.૦૦ |

ગાંધીનગર મહાનગરપાલિકાના હસ્તક જે વિભાગો ન હોય તથા કાર્યાધિકારક્ષેત્રમાં ન આવતા હોય તેવા સ્થાયી સમિતિના સુચનો ગ્રાહય રાખવામાં આવતા નથી.

## સને ૨૦૧૨-૧૩ ના રીવાઈઝ મંજુર અંદાજો સહ નીચે મુજબ સમગ્ર પરિસ્થિતિ

(₹લાખમાં)

| | મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સુચવેલ તા.૦૧/૦૪/૨૦૧૨ થી તા. ૩૧/૦૩/૨૦૧૩ | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ તા.૦૧/૦૪/૨૦૧૨ થી તા. ૩૧/૦૩/૨૦૧૩ | સમગ્રસભાએ મંજુર કરેલ અંદાજો તા.૦૧/૦૪/૨૦૧૨ થી તા. ૩૧/૦૩/૨૦૧૩ |
|---|---|---|---|
| રેવેન્યુ બજેટ | | | |
| (અ) ઉઘડતી સિલક | ૨૩૦.૬૭ | ૨૩૦.૬૭ | ૨૩૦.૬૭ |
| + રેવન્યુ આવક | ૩૦૩૩.૧૮ | ૩૦૩૩.૧૮ | ૩૦૩૩.૧૮ |
| કુલ રેવન્યુ | ૩૨૬૩.૮૫ | ૩૨૬૩.૮૫ | ૩૨૬૩.૮૫ |
| -રેવન્યુ ખર્ચ | ૧૧૬૬.૨૦ | ૧૧૬૬.૨૦ | ૧૧૬૬.૨૦ |
| | ૨૦૯૭.૬૫ | ૨૦૯૭.૬૫ | ૨૦૯૭.૬૫ |
| -કેપીટલ બજેટમાં લઈ ગયાં | ૨૦૦૦.૦૦ | ૨૦૦૦.૦૦ | ૨૦૦૦.૦૦ |
| ચોખ્ખી સિલક | ૯૭.૬૫ | ૯૭.૬૫ | ૯૭.૬૫ |
| | | | |
| કેપીટલ બજેટ | | | |
| ઉઘડતી સિલક | ૨૨૪૦.૦૦ | ૨૨૪૦.૦૦ | ૨૨૪૦.૦૦ |
| +રેવન્યુ સરપ્લસ | ૨૦૦૦.૦૦ | ૨૦૦૦.૦૦ | ૨૦૦૦.૦૦ |
| +કેપીટલ આવક | ૧૫૩૦.૦૦ | ૧૫૩૦.૦૦ | ૧૫૩૦.૦૦ |
| | ૫૭૭૦.૦૦ | ૫૭૭૦.૦૦ | ૫૭૭૦.૦૦ |
| -કેપીટલ ખર્ચ | ૭૦૪.૧૮ | ૭૦૪.૧૮ | ૭૦૪.૧૮ |
| ચોખ્ખી સિલક | ૫૦૬૫.૮૨ | ૫૦૬૫.૮૨ | ૫૦૬૫.૮૨ |

## સને ૨૦૧૨-૧૩ ના સમગ્રસભાએ મંજુર કરેલ રીવાઈઝ અંદાજો મુજબ સમગ્ર પરિસ્થિતિ

(₹લાખમાં)

| | મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ તા. ૦૧/૦૪/૨૦૧૨ થી તા. ૩૧/૦૩/૨૦૧૩ | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ તા.૦૧/૦૪/૨૦૧૨ થી તા. ૩૧/૦૩/૨૦૧૩ | સમગ્રસભાએ મંજુર કરેલ અંદાજો તા.૦૧/૦૪/૨૦૧૨ થી ૩૧/૦૩/૨૦૧૩ |
|---|---|---|---|
| **સને ૨૦૧૨-૧૩ રેવન્યુ જમા** | | | |
| ૧ ટેક્ષ આવક | ૧૦૬૮.૪૧ | ૧૦૬૮.૪૧ | ૧૦૬૮.૪૧ |
| ૨ નોન ટેક્ષ આવક | ૮૭૧.૨૩ | ૮૭૧.૨૩ | ૮૭૧.૨૩ |
| ૩ યુઝર ચાર્જીસ | ૨૬.૦૦ | ૨૬.૦૦ | ૨૬.૦૦ |
| ૪ ગ્રાંટ આવક | ૧૦૬૭.૫૪ | ૧૦૬૭.૫૪ | ૧૦૬૭.૫૪ |
| ફૂલ ₹ | ૩૦૩૩.૧૮ | ૩૦૩૩.૧૮ | ૩૦૩૩.૧૮ |
| **સને ૨૦૧૨-૧૩ રેવન્યુ ખર્ચ** | | | |
| ૧ મહેકમ ખર્ચ | ૮૧૩.૦૦ | ૮૧૩.૦૦ | ૮૧૩.૦૦ |
| ૨ કન્ટીઝન્સી ખર્ચ | ૬૩.૦૫ | ૬૩.૦૫ | ૬૩.૦૫ |
| ૩ ઇલેકટ્રીકસીટી અને નિભાવણી ખર્ચ | ૨૦૪.૦૦ | ૨૦૪.૦૦ | ૨૦૪.૦૦ |
| ૪ જાહેરાત કાર્યક્રમ ખર્ચ | ૮૬.૧૫ | ૮૬.૧૫ | ૮૬.૧૫ |
| ફૂલ ₹ | ૧૦૬૬.૨૦ | ૧૦૬૬.૨૦ | ૧૦૬૬.૨૦ |
| **સને ૨૦૧૨-૧૩ કેપીટલ આવક** | | | |
| રેવન્યુ સરપ્લસ | ૨૦૦૦.૦૦ | ૨૦૦૦.૦૦ | ૨૦૦૦.૦૦ |
| ૧ કેપીટલ આવક ગ્રાંટ | ૧૫૨૫.૦૦ | ૧૫૨૫.૦૦ | ૧૫૨૫.૦૦ |
| ૨ કેપીટલ આવક ડીપોઝીટ | ૫.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ |
| ફૂલ ₹ | ૩૫૩૦.૦૦ | ૩૫૩૦.૦૦ | ૩૫૩૦.૦૦ |
| **સને ૨૦૧૨-૧૩ કેપીટલ ખર્ચ** | | | |
| ૧ કેપીટલ ખર્ચ | ૬૮૯.૬૮ | ૬૮૯.૬૮ | ૬૮૯.૬૮ |
| ૨ કેપીટલ ખર્ચ ગ્રાંટ | ૭.૦૦ | ૭.૦૦ | ૭.૦૦ |
| ૩ ડીપોઝીટ ખર્ચ | ૭.૫૦ | ૭.૫૦ | ૭.૫૦ |
| ફૂલ ₹ | ૭૦૪.૧૮ | ૭૦૪.૧૮ | ૭૦૪.૧૮ |

## સને ૨૦૧૩-૧૪ સમગ્રસભાએ મંજુર કરેલ અંદાજો મુજબ સમગ્ર પરિસ્થિતિ

(₹લાખમાં)

| | મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સુચવેલ તા.૦૧/૦૪/૨૦૧૩ થી તા. ૩૧/૦૩/૨૦૧૪ | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ તા.૦૧/૦૪/૨૦૧૩ થી તા. ૩૧/૦૩/૨૦૧૪ | સમગ્રસભાએ મંજુર કરેલ અંદાજો તા.૦૧/૦૪/૨૦૧૩ થી તા.૩૧/૦૩/૨૦૧૪ |
|---|---|---|---|
| રેવેન્યુ બજેટ | | | |
| (અ) ઉઘડતી સિલક | ૯૭.૬૫ | ૯૭.૬૫ | ૯૭.૬૫ |
| + રેવન્યુ આવક | ૩૨૭૦.૩૬ | ૩૬૬૧.૮૬ | ૩૬૬૧.૮૬ |
| કુલ રેવન્યુ | ૩૩૬૮.૦૧ | ૩૭૫૯.૫૧ | ૩૭૫૯.૫૧ |
| -રેવન્યુ ખર્ચ | ૨૭૫૯.૬૫ | ૨૮૪૮.૧૬ | ૨૮૫૧.૧૬ |
| | ૬૦૮.૩૬ | ૯૧૧.૩૫ | ૯૦૮.૩૫ |
| -કેપીટલ બજેટમાં લઈ ગયાં | ૬૦૦.૦૦ | ૯૦૦.૦૦ | ૯૦૦.૦૦ |
| ચોખ્ખી સિલક | ૮.૩૬ | ૧૧.૩૫ | ૮.૩૫ |
| | | | |
| કેપીટલ બજેટ | | | |
| ઉઘડતી સિલક | ૫૦૬૫.૮૨ | ૫૦૬૫.૮૨ | ૫૦૬૫.૮૨ |
| +રેવન્યુ સરપ્લસ | ૬૦૦.૦૦ | ૯૦૦.૦૦ | ૯૦૦.૦૦ |
| +કેપીટલ આવક | ૫.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ |
| | ૫૬૭૦.૮૨ | ૫૯૭૦.૮૨ | ૫૯૭૦.૮૨ |
| -કેપીટલ ખર્ચ | ૨૩૩૫.૦૦ | ૩૭૬૯.૦૦ | ૩૮૩૭.૦૦ |
| ચોખ્ખી સિલક | ૩૩૩૫.૮૨ | ૨૨૦૧.૮૨ | ૨૧૩૩.૮૨ |

સને ૨૦૧૩-૧૪નું સમગ્રસભાએ મંજુર કરેલ અંદાજો

(₹લાખમાં)

| | મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ | સમગ્રસભાએ મંજુર કરેલ અંદાજ |
|---|---|---|---|
| **સને ૨૦૧૩-૧૪ રેવન્યુ જમા** | | | |
| ૧ ટેક્ષ આવક | ૧૨૦૦.૧૦ | ૧૨૦૦.૧૦ | ૧૨૦૦.૧૦ |
| ૨ નોન ટેક્ષ આવક | ૨૨૫.૭૬ | ૨૪૨.૭૬ | ૨૪૨.૭૬ |
| ૩ યુઝર ચાર્જીસ | ૩૨.૦૦ | ૩૧.૫૦ | ૩૧.૫૦ |
| ૪ ગ્રાંટ આવક | ૧૮૧૨.૫૦ | ૨૧૮૭.૫૦ | ૨૧૮૭.૫૦ |
| કૂલ ₹ | ૩૨૭૦.૩૬ | ૩૬૬૧.૮૬ | ૩૬૬૧.૮૬ |
| **સને ૨૦૧૩-૧૪ રેવન્યુ ખર્ચ** | | | |
| ૧ મહેકમ ખર્ચ | ૧૭.૫૫ | ૧૭૫૫.૦૦ | ૧૭૫૫.૦૦ |
| ૨ કન્ટીઝન્સી ખર્ચ | ૮૧.૦૦ | ૮૧.૭૬ | ૮૪.૭૬ |
| ૩ ઇલેકટ્રીકસીટી અને નિભાવણી ખર્ચ | ૮૪૨.૫૦ | ૯૦૨.૫૦ | ૯૦૨.૫૦ |
| ૪ જાહેરાત કાર્યક્રમ ખર્ચ | ૮૧.૧૫ | ૧૦૮.૯૦ | ૧૦૮.૯૦ |
| કૂલ ₹ | ૨૭૫૯.૬૫ | ૨૮૪૮.૧૬ | ૨૮૫૧.૧૬ |
| **સને ૨૦૧૩-૧૪ કેપીટલ આવક** | | | |
| રેવન્યુ સરપ્લસ | ૬૦૦.૦૦ | ૯૦૦.૦૦ | ૯૦૦.૦૦ |
| ૧ કેપીટલ આવક ગ્રાંટ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨ કેપીટલ આવક ડીપોઝીટ | ૫.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ |
| કૂલ ₹ | ૬૦૫.૦૦ | ૯૦૫.૦૦ | ૯૦૫.૦૦ |
| **સને ૨૦૧૩-૧૪ કેપીટલ ખર્ચ** | | | |
| ૧ કેપીટલ ખર્ચ | ૨૩૨૫.૦૦ | ૩૭૫૯.૦૦ | ૩૮૨૭.૦૦ |
| ૨ કેપીટલ ખર્ચ ગ્રાંટ | ૧૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩ ડીપોઝીટ ખર્ચ | ૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ |
| કૂલ ₹ | ૨૩૩૫.૦૦ | ૩૭૬૯.૦૦ | ૩૮૩૭.૦૦ |

B

# ગાંધીનગર મહાનગરપાલિકા

## સને ૨૦૧૨-૧૩ ના રીવાઈઝ તથા સને ૨૦૧૩-૧૪ ના ડ્રાફ્ટ અંદાજપત્ર અંગે સ્થાયી સમિતિ ઠરાવ અંક : ૧૦૯ તા.૦૬-૦૨-૨૦૧૩

મ્યુનિસિપલ કમિશનરશ્રી એ રજુ કરેલ ગાંધીનગર મહાનગરપાલિકાના સને ૨૦૧૨-૧૩ ના રીવાઈઝ તથા સને ૨૦૧૩-૧૪ ના ડ્રાફ્ટ અંદાજપત્ર (રેવન્યુ + કેપીટલ) ની સ્થાયી સમિતિ ની બેઠક માં વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી. કમિશનરશ્રી તરફથી સને ૨૦૧૩-૧૪ માટે કોઈ નવીન કર-દર-ચાર્જીસ સુચવવામાં આવેલ નથી કે કર-દર-ચાર્જીસ માં કોઈ વધારા કરવાનું સુચન નથી. જે ધ્યાને લેતા સને ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ ના હાલ ના પ્રવર્તમાન કર-દર-ચાર્જીસ સને ૨૦૧૩-૧૪ માટે પણ ચાલુ રેહશે.

સ્થાયી સમિતિએ ચર્ચા વિચારણા ના અંતે રેવન્યુ તથા કેપીટલ બજેટ ના કેટલાક સદારોમાં જરૂરી ફેરફાર કરેલ છે. જે અંદાજપત્રમાં સંબંધિત સદરો ની સ્થાયી સમિતિ ની ભલામણ ના કોલમ માં દર્શાવવામાં આવેલ છે. જે મુજબ મંજુર કરવા ભલામણ છે.

### (૧) સામાન્ય કર

ગાંધીનગર મહાનગરપાલિકા ના હદ વિસ્તારમાં આવેલ મિલકતો પર સામાન્ય કર વસુલવાના ધોરણો અને નિયમો સામાન્ય સભા ઠરાવ અંક ૧૩ તા. ૧૭/૦૮/૨૦૧૧ થી મંજુર થયેલ છે. જેને રાજ્ય સરકાર ના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ના પત્ર ક્રમાંક જીએમસી/૮૦૨૦૧૧/૫૧૮૮ તા. ૧૪/૦૩/૨૦૧૨ થી રાજ્ય સરકારની મંજુરી મળેલ છે. જેનો અમલ સને ૨૦૧૧-૧૨ તથા ૨૦૧૨-૧૩ માં કરવામાં આવેલ છે.

સબબ રાજ્ય સરકારશ્રી ના ઉપરોક્ત મંજુરી મુજબ મિલકત વેરાના દર સને ૨૦૧૨-૧૩ મુજબના સને ૨૦૧૩-૧૪ માં ચાલુ રાખવા ભલામણ છે.

### (૨) સફાઈ ચાર્જ

નામદાર ભારત સરકારશ્રીના પર્યાવરણ જાળવણી અધિનીયમ નાં પ્રકરણ ૨૫ના ફકરા ક્રમાંક ૨૫-૪-૩-૪ માં કોસ્ટ રિકવરી અને ૨૫-૪-૩-૫ માં લેવી ઓફ સેનિટેશન ટુ મીટ કોસ્ટ ઓફ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ સર્વિસીસ પુરી પાડવામાં આવે છે. તેના સમગ્ર ખર્ચના એક ભાગરૂપે શહેરીજનો પાસેથી સને ૨૦૧૨-૧૩ના વર્ષ માટે સફાઈ ચાર્જ, રહેણાંક મિલકતો પર પ્રતિમાસ ₹૫ મુજબ તથા બિનરહેણાંક મિલકતો પર પ્રતિમાસ ₹૧૦ મુજબ વસુલાતનું ધોરણ સને ૨૦૧૩-૧૪માં ચાલુ રાખવા ભલામણ છે.

સને ૨૦૧૨-૧૩ ના મંજુર અંદાજો સહ નીચે મુજબ સમગ્ર પરિસ્થિતિ

(₹લાખમાં)

| | મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ તા. ૦૧/૦૪/૨૦૧૨ થી તા. ૩૧/૦૩/૨૦૧૩ | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ તા.૦૧/૦૪/૨૦૧૨ થી તા. ૩૧/૦૩/૨૦૧૩ |
|---|---|---|
| રેવન્યુ બજેટ | | |
| (અ) ઉઘડતી સિલક | ૨૩૦.૬૭ | ૨૩૦.૬૭ |
| + રેવન્યુ આવક | ૩૦૩૩.૧૮ | ૩૦૩૩.૧૮ |
| કુલ રેવન્યુ | ૩૨૬૩.૮૫ | ૩૨૬૩.૮૫ |
| -રેવન્યુ ખર્ચ | ૧૧૬૬.૨૦ | ૧૧૬૬.૨૦ |
| | ૨૦૯૭.૬૫ | ૨૦૯૭.૬૫ |
| -કેપીટલ બજેટમાં લઈ ગયાં | ૨૦૦૦.૦૦ | ૨૦૦૦.૦૦ |
| ચોખ્ખી સિલક | ૯૭.૬૫ | ૯૭.૬૫ |
| | | |
| કેપીટલ બજેટ | | |
| ઉઘડતી સિલક | ૨૨૪૦.૦૦ | ૨૨૪૦.૦૦ |
| +રેવન્યુ સરપ્લસ | ૨૦૦૦.૦૦ | ૨૦૦૦.૦૦ |
| +કેપીટલ આવક | ૧૫૩૦.૦૦ | ૧૫૩૦.૦૦ |
| | ૫૭૭૦.૦૦ | ૫૭૭૦.૦૦ |
| -કેપીટલ ખર્ચ | ૭૦૪.૧૮ | ૭૦૪.૧૮ |
| ચોખ્ખી સિલક | ૫૦૬૫.૮૨ | ૫૦૬૫.૮૨ |

સને ૨૦૧૨-૧૩ ના મ્યુનિસિપલ કમિશનરશ્રી એ રજુ કરેલ અંદાજો મંજુર કરવા અભિપ્રાય છે.

(₹લાખમાં)

| | મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ |
|---|---|---|
| સને ૨૦૧૨-૧૩ રેવન્યુ જમા | | |
| ૧ ટેક્ષ આવક | ૧૦૬૮.૪૧ | ૧૦૬૮.૪૧ |
| ૨ નોન ટેક્ષ આવક | ૮૭૧.૨૩ | ૮૭૧.૨૩ |
| ૩ યુઝર ચાર્જીસ | ૨૬.૦૦ | ૨૬.૦૦ |
| ૪ ગ્રાંટ આવક | ૧૭૬૭.૫૪ | ૧૭૬૭.૫૪ |
| કુલ ₹ | ૩૭૩૩.૧૮ | ૩૭૩૩.૧૮ |
| સને ૨૦૧૨-૧૩ રેવન્યુ ખર્ચ | | |
| ૧ મહેકમ ખર્ચ | ૮૧૩.૦૦ | ૮૧૩.૦૦ |
| ૨ કન્ટીઝન્સી ખર્ચ | ૬૩.૦૫ | ૬૩.૦૫ |
| ૩ ઇલેકટ્રીસીટી અને નિભાવણી ખર્ચ | ૨૦૪.૦૦ | ૨૦૪.૦૦ |
| ૪ જાહેરાત કાર્યક્રમ ખર્ચ | ૮૬.૧૫ | ૮૬.૧૫ |
| કુલ ₹ | ૧૦૬૬.૨૦ | ૧૦૬૬.૨૦ |
| સને ૨૦૧૨-૧૩ કેપીટલ આવક | | |
| રેવન્યુ સરપ્લસ | ૨૦૦૦.૦૦ | ૨૦૦૦.૦૦ |
| ૧ કેપીટલ આવક ગ્રાંટ | ૧૫૨૫.૦૦ | ૧૫૨૫.૦૦ |
| ૨ કેપીટલ આવક ડીપોઝીટ | ૫.૦૦ | ૫.૦૦ |
| કુલ ₹ | ૩૫૩૦.૦૦ | ૩૫૩૦.૦૦ |
| સને ૨૦૧૨-૧૩ કેપીટલ ખર્ચ | | |
| ૧ કેપીટલ ખર્ચ | ૬૮૯.૬૮ | ૬૮૯.૬૮ |
| ૨ કેપીટલ ખર્ચ ગ્રાંટ | ૭.૦૦ | ૭.૦૦ |
| ૩ ડીપોઝીટ ખર્ચ | ૭.૫૦ | ૭.૫૦ |
| કુલ ₹ | ૭૦૪.૧૮ | ૭૦૪.૧૮ |

સને ૨૦૧૩-૧૪ ડ્રાફ્ટ બજેટ સમગ્ર પરિસ્થિતિ

(₹લાખમાં)

| | મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ તા. ૦૧/૦૪/૨૦૧૩ થી તા. ૩૧/૦૩/૨૦૧૪ | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ તા.૦૧/૦૪/૨૦૧૩ થી તા. ૩૧/૦૩/૨૦૧૪ |
|---|---|---|
| રેવેન્યુ બજેટ | | |
| (અ) ઉઘડતી સિલક | ૯૭.૬૫ | ૯૭.૬૫ |
| + રેવન્યુ આવક | ૩૨૭૦.૩૬ | ૩૬૬૧.૮૬ |
| કુલ રેવન્યુ | ૩૩૬૮.૦૧ | ૩૭૫૯.૫૧ |
| -રેવન્યુ ખર્ચ | ૨૭૫૯.૬૫ | ૨૮૪૮.૧૬ |
| | ૬૦૮.૩૬ | ૯૧૧.૩૫ |
| -કેપીટલ બજેટમાં લઈ ગયાં | ૬૦૦.૦૦ | ૯૦૦.૦૦ |
| ચોખ્ખી સિલક | ૮.૩૬ | ૧૧.૩૫ |
| | | |
| કેપીટલ બજેટ | | |
| ઉઘડતી સિલક | ૫૦૬૫.૮૨ | ૫૦૬૫.૮૨ |
| +રેવન્યુ સરપ્લસ | ૬૦૦.૦૦ | ૯૦૦.૦૦ |
| +કેપીટલ આવક | ૫.૦૦ | ૫.૦૦ |
| | ૫૬૭૦.૮૨ | ૫૯૭૦.૮૨ |
| -કેપીટલ ખર્ચ | ૨૩૩૫.૦૦ | ૩૭૬૯.૦૦ |
| ચોખ્ખી સિલક | ૩૩૩૫.૮૨ | ૨૨૦૧.૮૨ |

સને ૨૦૧૩-૧૪ ના મ્યુનિસિપલ કમિશનરશ્રી એ રજુ કરેલ અંદાજો સામે સ્થાયી સમિતિની ભલામણ મુજબ મંજુર કરવા અભિપ્રાય છે.

(₹લાખમાં)

| | મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ |
|---|---|---|
| **સને ૨૦૧૩-૧૪ રેવન્યુ જમા** | | |
| ૧ ટેક્ષ આવક | ૧૨૦૦.૧૦ | ૧૨૦૦.૧૦ |
| ૨ નોન ટેક્ષ આવક | ૨૨૫.૭૬ | ૨૪૨.૭૬ |
| ૩ યુઝર ચાર્જીસ | ૩૨.૦૦ | ૩૧.૫૦ |
| ૪ ગ્રાંટ આવક | ૧૮૧૨.૫૦ | ૨૧૮૭.૫૦ |
| કુલ ₹ | ૩૨૭૦.૩૬ | ૩૬૬૧.૮૬ |
| **સને ૨૦૧૩-૧૪ રેવન્યુ ખર્ચ** | | |
| ૧ મહેકમ ખર્ચ | ૧૭૫૫.૦૦ | ૧૭૫૫.૦૦ |
| ૨ કન્ટીઝન્સી ખર્ચ | ૮૧.૦૦ | ૮૧.૭૬ |
| ૩ ઇલેકટ્રીસીટી અને નિભાવણી ખર્ચ | ૮૪૨.૫૦ | ૯૦૨.૫ |
| ૪ જાહેરાત કાર્યક્રમ ખર્ચ | ૮૧.૧૫ | ૧૦૮.૯ |
| કુલ ₹ | ૨૭૫૯.૬૫ | ૨૮૪૮.૧૬ |
| **સને ૨૦૧૩-૧૪ કેપીટલ આવક** | | |
| રેવન્યુ સરપ્લસ | ૬૦૦.૦૦ | ૯૦૦.૦૦ |
| ૧ કેપીટલ આવક ગ્રાંટ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨ કેપીટલ આવક ડીપોઝીટ | ૫.૦૦ | ૫.૦૦ |
| કુલ ₹ | ૬૦૫.૦૦ | ૯૦૫.૦૦ |
| **સને ૨૦૧૩-૧૪ કેપીટલ ખર્ચ** | | |
| ૧ કેપીટલ ખર્ચ | ૨૩૨૫.૦૦ | ૩૭૫૯.૦૦ |
| ૨ કેપીટલ ખર્ચ ગ્રાંટ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩ ડીપોઝીટ ખર્ચ | ૧૦.૦૦ | ૧૦.૦૦ |
| કુલ ₹ | ૨૩૩૫.૦૦ | ૩૭૬૯.૦૦ |

# ગાંધીનગર મહાનગરપાલિકા

## વધઘટનું પત્રક

(રૂ. લાખમાં)

(અ) રેવન્યુ આવક (૨૦૧૩-૧૪)

| અનુક્રમ નં. | સદર | એકાઉન્ટ કોડ | કમિશનરશ્રીએ સુચવેલ રકમ (₹) | સ્થાયી સમિતિએ ભલામણ કરેલ રકમ (₹) | + વધારો | - ઘટાડો |
|---|---|---|---|---|---|---|
| ૧. | બેંક વ્યાજ | ૨૩૧૦૯ | ૮.00 | ૧0.00 | ૨.00 | - |
| ૨. | બેંક રોકાણો પરનુ વ્યાજ | ૨૩૧૦૩ | ૧૫0.00 | ૧૬0.00 | ૧0.00 | - |
| ૩. | સફાઈ ચાર્જ | ૧૩૪૦૫ | ૨૫.00 | ૩0.00 | ૫.00 | - |
| ૪. | રંગમંચ ભાડું | ૧૩૧૨૩ | ૧.00 | 0.૫0 | - | 0.૫0 |
| ૫. | ઓક્ટ્રોય વળતર ગ્રાંટ | ૧૮૧૪૫ | ૧૨00.00 | ૧૫00.00 | ૩00.00 | - |
| ૬. | મેલેરિયા સ્ટાફ પગાર ગ્રાંટ | ૧૮૧૨૫ | ૧૫0.00 | ૧૭0.00 | ૨0.00 | - |
| ૭. | કેબલ ટીવી ગ્રાંટ | ૧૮૧૧૯ | ૨0.00 | ૩0.00 | ૧0.00 | - |
| ૮. | ખેલ મહાકુંભગ્રાંટ | ૧૮૧૨૧ | ૫0.00 | ૭0.00 | ૨0.00 | - |
| ૯. | મનોરંજન કર ગ્રાંટ | ૧૮૧૧૬ | ૨0.00 | ૨૫.00 | ૫.00 | - |
| ૧૦. | વ્યવસાયવેરાગ્રાંટ | | ૧૫0.00 | ૧૭0.00 | ૨0.00 | - |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | ૩૯૨.00 | 0.૫0 |
| | | | | | | |

# ગાંધીનગર મહાનગરપાલિકા

## વધઘટનું પત્રક

(₹. લાખમાં)

### (બ) રેવન્યુ ખર્ચ (૨૦૧૩-૧૪)

| અનુક્રમ નં. | સદર | એકાઉન્ટ કોડ | કમિશનરશ્રીએસુચવેલ રકમ(₹) | સ્થાયી સમિતિએ ભલામણ કરેલ રકમ(₹) | + વધારો | - ઘટાડો |
|---|---|---|---|---|---|---|
| ૧. | ઓફિસ ખર્ચ | ૩૪૪૧૮ | ૧૦.૦૦ | ૯.૦૦ | - | ૧.૦૦ |
| ૨. | લીગલ ખર્ચ | ૩૪૨૦૧ | ૦.૫૦ | ૨.૦૦ | ૧.૫૦ | - |
| ૩. | માનનીય સભાસદ્શ્રીઓ ના માનદ વેતન અને અન્ય ખર્ચ | ૩૪૮૧૧ | ૨૪.૦૦ | ૨૨.૦૦ | - | ૨.૦૦ |
| ૪. | માનનીય મેયરશ્રીના બંગલાનું ભાડું | | ૦.૬૦ | ૦.૩૬ | - | ૦.૨૪ |
| ૫. | માનનીય મેયરશ્રી ડીશક્રિશનરીગ્રાંટ | ૩૪૮૧૦ | ૫.૦૦ | ૨.૦૦ | - | ૩.૦૦ |
| ૬. | સફાઈ લોક જાગૃતિ લાવવા માટે બેનરો અને જાહેરાત માટે | ૪૯૨૧૪ | ૨.૦૦ | ૨.૦૦ | - | - |
| ૭. | સફાઈ કર્મચારી હાજરી બાયોમેટ્રિક પદ્ધતિથી કરવાં | ૪૯૩૦૭ | ૨.૦૦ | ૨.૫૦ | ૦.૫૦ | - |
| ૮. | માનનીય સભાસદ્શ્રીઓ ના તાલીમ ખર્ચ | | ૫.૦૦ | ૧૦.૦૦ | ૫.૦૦ | - |
| ૯. | માનનીય મેયરશ્રી, ડેપ્યુટી મેયરશ્રી, ચેરમેનશ્રી વિ.પ. નેતા તથા મ્યુનિસિપલ સેક્રેટરી વિભાગ માટે ઓઉટસોર્સિંગથી વાહન ભાડા ખર્ચ | ૩૮૮૦૫ | ૩૫.૦૦ | ૪૫.૦૦ | ૧૦.૦૦ | - |
| ૧૦. | શહેરી ગરીબ અને પછાત વિસ્તારમાં લોક સુવિધાના કામો | | ૧૫૦.૦૦ | ૨૦૦.૦૦ | ૫૦.૦૦ | - |
| ૧૧. | ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ મેયર્સની વાર્ષિક સભ્ય ફી | ૩૪૮૧૧ | ૦.૧૫ | ૦.૪૦ | ૦.૨૫ | - |
| ૧૨. | મિલકત રી સર્વે કરવાનો ખર્ચ | | ૦.૦૦ | ૧૫.૦૦ | ૧૫.૦૦ | - |
| ૧૩. | ગાંધીનગર સ્થાપના દિન ઉજવણી | | ૦.૦૦ | ૩.૦૦ | ૩.૦૦ | - |
| ૧૪. | રાષ્ટ્રીય તહેવારની ઉજવણી | | ૦.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ | - |
| ૧૫. | શહેરની તેજસ્વી ઉચ્ચ શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન | | ૦.૦૦ | ૨.૦૦ | ૨.૦૦ | - |
| ૧૬. | મહાત્મા ગાંધી, સરદાર પટેલ, સ્વામી વિવેકાનંદ તથા ડો.બાબા સાહેબ આંબેડકરવગેરે મહાપુરુષોનીજન્મજયંતી | | ૦.૦૦ | ૨.૦૦ | ૨.૦૦ | - |
| ૧૭. | શહીદ દિનની ઉજવણી | | ૦.૦૦ | ૦.૫૦ | ૦.૫૦ | - |
| | | | | | ૯૪.૭૫ | ૬.૨૪ |

# ગાંધીનગર મહાનગરપાલિકા

## વધઘટનું પત્રક

(₹. લાખમાં)

(ક) કેપીટલ ખર્ચ (૨૦૧૩-૧૪)

| અનુ.ક્રમ | સદર | એકાઉન્ટ કોડ | કમિશનરશ્રીએસુચવેલ રકમ (₹) | સ્થાયી સમિતિએ ભલામણ કરેલ રકમ (₹) | (+) વધારો | (-) ઘટાડો |
|---|---|---|---|---|---|---|
| ૧. | સફાઈ ના વાહનો તથા કન્ટેઇનર | | ૧૨૫.૦૦ | ૨૭૫.૦૦ | ૧૫૦.૦૦ | - |
| ૨. | નવીન ટ્રેક્ટર તથા સંલગ્ન સાધનો | | ૧૦.૦૦ | ૨૦.૦૦ | ૧૦.૦૦ | - |
| ૩. | અગ્નિશમન સેવાના વાહનો | | ૧૫.૦૦ | ૨૦.૦૦ | ૫.૦૦ | - |
| ૪. | એર કન્ડીશન | | ૫.૦૦ | ૪.૦૦ | - | ૧.૦૦ |
| ૫. | ફર્નિચર અને ફિક્ચર્સ | | ૩૦.૦૦ | ૨૫.૦૦ | - | ૫.૦૦ |
| ૬. | ફેક્ષ મશીન અને ઝેરોક્ષ મશીન | | ૫.૦૦ | ૩.૦૦ | - | ૨.૦૦ |
| ૭. | સોફ્ટવેર પ્રોગ્રામીંગ | | ૨૦.૦૦ | ૧૦.૦૦ | - | ૧૦.૦૦ |
| ૮. | ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટ હેઠળ વેબસાઈટ તૈયાર કરાવવા | | ૨૦.૦૦ | ૧૫.૦૦ | - | ૫.૦૦ |
| ૯. | મુક્તિ ધામ  તથા કબ્રસ્તાનમાં જરૂરી સુવિધા વધારવા બાબત | | ૧૦.૦૦ | ૧૫.૦૦ | ૫.૦૦ | - |
| ૧૦. | શહેરી ગરીબ અને પછાત વિસ્તારમાં વિકાસના કામો અંગે | | ૧૫૦.૦૦ | ૨૦૦.૦૦ | ૫૦.૦૦ | - |
| ૧૧. | અર્બન હેલ્થ સેન્ટરમાં નાગરિક સુવિધા | | ૧.૦૦ | ૧૫.૦૦ | ૧૪.૦૦ | - |
| ૧૨. | દસ સીટેડ મોબાઈલ ટોઇલેટ | | ૧૮.૦૦ | ૨૦.૦૦ | ૨.૦૦ | - |
| ૧૩. | કુદરતી સંકટ / આપત્તિ વગેરે માટે ના અદ્યતન સાધનોથી ફા.બ્રિ. વિભાગને સજ્જ કરવું | | ૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | - |
| ૧૪. | અદ્યતન ઢોર ડબ્બા નવા બનાવવા | | ૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ | - |
| ૧૫. | મૃતક જાનવરો ની કાયમી નિકાલ વ્યવસ્થા | | ૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ | - |
| ૧૬. | સમાધી લેનાર સમાજ માટે સમાધી ધામ | | ૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | - |
| ૧૭. | નાગરિક સુવિધા કેન્દ્ર તથા મહાનગરપાલિકાના મકાન માં CCTV કેમેરા લગાવી પારદર્શકતા લાવવી | | ૦.૦૦ | ૨.૦૦ | ૨.૦૦ | - |
| ૧૮. | બહુમાળી ભવનમાં નવીન ઓફિસ / નવીન મકાન | | ૫૦.૦૦ | ૧૦૫૦.૦૦ | ૧૦૦૦.૦૦ | - |
| ૧૯. | રંગમંચ રિનોવેશન | | ૧૫.૦૦ | ૨૦૦.૦૦ | ૧૮૫.૦૦. | - |
| ૨૦. | માનનીય સભાસદશ્રીઓનાસુચનના કામો કરવાં | | ૯૯.૦૦ | ૧૯૮.૦૦ | ૯૯.૦૦ | - |
| ૨૧. | માનનીય મેયરશ્રી ના સુચન મુજબ કામો કરવાં | | ૨૦૦.૦૦ | ૧૦.૦૦ | - | ૧૯૦.૦૦ |
| ૨૨. | નવીન સીટી કન્વેન્શન સેન્ટર | | ૦.૦૦ | ૨૫.૦૦ | ૨૫.૦૦ | - |
| | | | | | ૧૬૪૭.૦૦ | ૨૧૩.૦૦ |

B/9

૮

# સને ૨૦૧૩-૧૪ના બજેટ અંગે માનનીય ચેરમેનશ્રીનું નિવેદન તથા સ્થાયી સમિતિના સુચનો

ગાંધીનગર મહાનગરપાલિકાનાં મ્યુનિસિપલ કમિશનરશ્રીએ તા.૦૫-૦૨-૨૦૧૩ના રોજ સ્થાયી સમિતિ સમક્ષ સને ૨૦૧૩-૧૪નું ડ્રાફ્ટ અંદાજપત્ર તથા સને ૨૦૧૨-૧૩ના રીવાઈઝ અંદાજપત્ર રજુ કરેલ છે. જેને સ્થાયી સમિતિના સભ્યો આવકારે છે. કારણકે મ્યુનિસિપલ કમિશનરશ્રીએ નાગરિકો પર કોઇપણ જાતનો કર કે દર વધાર્યો નથી જે અભિનંદનને પાત્ર છે. તથા સફાઈ ચાર્જમાં પણ કોઇપણ જાતનો વધારો સૂચવ્યો નથી. આમ મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સામાન્ય નાગરિકનું જીવનધોરણ અને મોઘવારીને ધ્યાનમાં રાખીને બજેટ રજુ કરેલ છે, જે આવકારદાયક છે. મ્યુનિસિપલ કમિશનરશ્રીએ ગત વર્ષ કરતા આ વર્ષે રેવન્યુ બજેટ લગભગ બમણું બનાવેલ છે.૨૦૧૨-૧૩માં ૧૭ કરોડ ૫૦ લાખનો અંદાજ મંજુર કરેલ હતો જે ચાલુ જયારે ૨૦૧૩-૧૪માં ૩૨ કરોડ ને ૭૦ લાખનું બજેટ રજુ કરેલ છે.જે સ્પષ્ટ કરે છે કે મહાનગરપાલિકા ધીરે ધીરે પ્રગતિ તરફ આગેકુચ કરી રહ્યું છે.અને સ્વનિર્ભરતા તરફ આગેકુચ કરવા કટિબદ્ધતા બતાવે છે.

મ્યુનિસિપલ કમિશનરશ્રીએ રજુ કરેલ બજેટમાં સ્થાયી સમિતિએ યોગ્ય ફેરફારો કરેલા છે. અને અગત્યના સુચનો પણ કરેલા છે.જેનો અમલ કરવા માટે મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સ્થાયી સમિતિના ચેરમેનશ્રી તથા તમામ સભ્યો વિનંતી કરે છે.

## સુચનો

૧. સરકારશ્રીની મિલકતોના વેરા બીલો સમયસર ન ભરપાય થાય તો ૧૮ ટકા વ્યાજ સાથે વસુલાત સાથે તાત્કાલિક કાર્યવાહી કરવી.

૨. ગામડાઓની આકારણી હજુ થઈ નથી તો તાત્કાલિક સર્વે કરી આકારણી બીલો આપવા.

૩. સને ૨૦૧૩-૧૪ના બીલો તૈયાર કરવા અત્યારથી જ કાર્યવાહી શરૂ કરવી.

૪. કોઇપણ નાગરિક યા સંસ્થા એડવાન્સ ટેક્ષ ભરે તો ૧૦ ટકા સુધીની મર્યાદામાં ટેક્ષ રિબેટ આપવા,સ્થાયી સમિતિમાં દરખાસ્ત રજુ કરવી.

૫. થિયેટર ટેક્ષની વસુલાત ઝડપી બનાવવી.

૬. સીટી બસ સંચાલન માટે નવો કરાર મહાનગરપાલિકા સાથે કરવો અને તેનું સંચાલન કોર્પોરેશન મારફતે કરવું.

૭. રાજ્ય સરકારશ્રી દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાને ઓકટ્રોયનાં બદલે જે વાર્ષિક ૧૧ કરોડની ગ્રાંટ ફાળવવામાં આવે છે જે ખુબ જ નજીવી છે. ગાંધીનગર શહેરમાંથી મળતી વેટની આવકનાં ૨૫ ટકા જેટલી રકમ સરકારશ્રી મહાનગરપાલિકાને ચુકવે તે બાબતે મ્યુનિસિપલ કમિશનરશ્રીએ રાજ્ય સરકારમાં રજુઆત કરવી.

૮. ફાયર બ્રિગેડ વિભાગને અદ્યતન બનાવવું, પુરની પરિસ્થિતિ તથા કુદરતી હોનારત પ્રસંગે બચાવ કામગીરી માટે જરૂરી સાધનો વસાવવા માટે સ્થાયી સમિતિએ બજેટમાં અલગથી જોગવાઈ કરી છે. તે પ્રમાણે જરૂરી સાધનો વસાવવા. ચુંટાયેલી પાંખના હોદેદારો તથા અધિકારીઓને અલગ થી ટેલિફોનની સુવિધા આપવી.

૯. રેગ્યુલર કાયમી નિમણૂક ન થાય તે દરમ્યાન મહાનગરપાલિકાએ ફિક્સ પગારથી જે સ્ટેચ્યુટરી અધિકારીઓની નિમણૂક કરેલી છે. તેઓ સઘળો સમય મહાનગરપાલિકાની સેવામાં સમર્પિત કરી શકે તે માટે કોર્પોરેશનનાં ખર્ચે નિવાસ સ્થાનની સુવિધા આપવી.

૧૦. રખડતા ઢોરનાં ત્રાસ નિયંત્રણ માટે અદ્યતન ઢોરનો ડબ્બો બનાવવા માટે સ્થાયી સમિતિએ અલગથી ૨૫ લાખની ફાળવણી કરેલી છે.તો અદ્યતન ઢોરનો ડબ્બો બનાવવો તથા પશુઓની સિફટીગ માટે કમિશનરશ્રીએ સત્વરે કાર્યવાહી કરવી.

૧૧. મરી ગયેલા જાનવરોના મુતદેહોનાં નિકાલ માટે કાયમી જગ્યાની વ્યવસ્થા માટે સરકારશ્રી સમક્ષ માગણી કરવી.

૧૨. સમાધી માટે અલગ જગ્યા ફાળવવા સરકારશ્રી સમક્ષ માગણી કરવી.

૧૩. સ્મશાનગૃહો અને કબ્રસ્તાનોની સુવિધા વધારવી.

૧૪. સરકાર તરફથી જે ગ્રાંટ આવે તે પેટે થતો ખર્ચ સ્થાયી સમિતિની મંજુરી મેળવ્યા બાદ કરવો.

૧૫. શહેરમાં ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ સુધારવા માટે રાજય સરકારના જે તે વિભાગ સાથે સંકલન કરી ટ્રાફિકની સમસ્યા દૂર કરવા જરૂરી કાર્યવાહી કરવી.

૧૬. ગાંધીનગરના શહેરીજનોને પીવાનું પાણી પૂરું પાડવા માટે પુરતો જથ્થો છે પરંતુ પાણીની વહેચણીની અસમાનતા ને કારણે પાણી વિતરણ અંગે સમસ્યાના ઘણા પ્રશ્નો સર્જાય છે તો દેશની અન્ય મહાનગરપાલિકાએ ૨૪ કલાક પાણી આપવા અંગે પાઈલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે તે ધોરણે ગાંધીનગર શહેર માટે પણ પ્રાયોગિક ધોરણે કોઈ એક વિસ્તારમાં પાઈલોટ પ્રોજેક્ટ શરૂ કરવા અંગે સરકારશ્રી સાથે સંકલન કરવું. પર્યાવરણની જાળવણીને ધ્યાનમાં રાખીને શહેરમાં ડ્રેનેજનાં પાણીના શુદ્ધિકરણ માટે P.P.P નાં ધોરણે એનર્જી જનરેટ પ્લાન બનાવવા આયોજન કરવા મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સરકારશ્રી પાસે જરૂરી કાર્યવાહી કરવી.

૧૭. ગાંધીનગર શહેરમાં અને ખાસ કરીને કોર્પોરેશનની ઓફીસ આવેલી છે ત્યાં અનઓથોરાઈઝડ પાર્કિંગ થાય છે તે અંગે જરૂરી સિક્યોરિટી બંદોબસ્ત કરવો અને સમગ્ર શહેરમાં પણ પાર્કિંગ સમસ્યા નિવારવા સરકારશ્રીના સંબધિત વિભાગ સાથે સંકલન કરવા કમિશનરશ્રીને વિનંતી કરવામાં આવે છે.

૧૮. ગાંધીનગર મહાનગરપાલિકાનાં વસાહતમાં બાળકો માટે રમત ગમતના સાધનો મુકવા તથા સિનિયર સિટીઝન બેસી શકે તે માટે પાર્કનું આયોજન કરવા રાજ્ય સરકારશ્રીના સંબંધિત વિભાગ સાથે સંકલન કરવું.

૧૯. ગાંધીનગર શહેરના નાગરિકો માટે ઉજવાતા પ્રંસગો માટે રાહત દરે કોમ્યુનિટી હોલ તથા રંગમંચની સગવડ સ્થાનિક વિસ્તારમાં ઉપલબ્ધ થાય તે માટે હયાત કોમ્યુનિટી હોલ તથા રંગમંચને અદ્યતન બનાવવા સ્થાયી સમિતિએ ૨ કરોડની જોગવાઈ કરેલ છે જેથી આ અંગે સત્વરે જરૂરી કાર્યવાહી કરવી.

૨૦. સ્ટ્રીટ વેન્ડર પોલીસીનો ઝડપ થી અમલ કરવો.

૨૧. મહાનગરપાલિકા નાં રેકોર્ડનું ડીજીટલ સ્કેનીગ કરવું.

૨૨. ડમ્પીગ સાઈટ વૈજ્ઞાનિક રીતે તૈયાર કરવી.

૨૩. સ્થાયી સમિતિએ મોબાઈલ કોર્ટ શરૂ કરવા ઠરાવ કરેલો છે તેનો સત્વરે અમલ થાય તે માટે સરકારશ્રીમાંથી મંજુરી મેળવવા માટે કમિશનરશ્રીને જણાવવામાં આવે છે.

૨૪. શહેરમાં યોગ્ય સ્થળે સુલભ શૌચાલયો બનાવવા અંગે સર્વે કરી કાર્યવાહી તાત્કાલિક શરૂ કરવી.

૨૫. ગાંધીનગર શહેરના નગરજનોને આરોગ્યલક્ષી તબીબી સેવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકારના સંબંધ વિભાગ સાથે સંકલન કરી જરૂરી ગ્રાંટ મેળવવા કાર્યવાહી કરવી.

૨૬. ભારતના પૂર્વ વડાપ્રધાનની પુરા કદની તસવીરો મહાનગરપાલિકા માં મુકવી.

૨૭. સ્થાનિક સ્વરાજ્યની  ચુંટણીમાં 33% મહિલાઓનું બિલ લાવનાર સ્વ.રાજીવગાંધીની પુરા કદની તસવીર મુકવી.

૨૮. રંગમંચ,કોમ્યુનિટી હોલની સાથે  મહાપુરુષો નાં નામ જોડવા.

૨૯. ચુંટાયેલી લોકપ્રતિનિધિઓની જવાબદારી છે કે મહાનગરપાલિકામાં આવતા વિસ્તારોમાં ફરજીયાત સેવાકીય તેમજ સત્તા અને ફરજો, કાર્યો અને નગરજનોની ફરિયાદની નોધ લેવી, ફરિયાદ કંટ્રોલરૂમ ચાલુ કરવો.જેના માટે કમિશનરશ્રીએ વ્યવસ્થા કરવી.

30. અર્બન હેલ્થ સેન્ટર તેમજ  હોસ્પિટલોમાં દર્દીને અપાતી દવાના ડ્રગ્સ શિડ્યુલ અપડેટ કરવા.

૩૧. ડેપ્યુટી કમિશનર કક્ષાની ખાલી જગ્યાઓ અને મહેકમ ભવિષ્યની જરૂરિયાતને દયાને રાખી, સરકાર સાથે પરામર્શ કરી પૂર્ણ કરવું.

૩૨. સુઅરેજ શુદ્ધિકરણ જળને પીવાના પાણી સિવાયના ઉપયોગમાં લેવાનું આયોજન.

૩૩. ગાંધીનગર મ્યુનીસીપલ અર્બન હેલ્થ પ્રોજેક્ટ અંતર્ગત જે કેન્દ્રો શરૂ કરાયા છે જે કોર્પોરેશનનાં સ્થાપના દિવસથી શરૂ થાય, તેમજ ત્યાં આગળ મફત પ્રસુતિની સુવિધા ઉપલબ્ધ કરાવવા ફાળવણી કરવી.

૩૪. ગાંધીનગર શહેરની સ્કુલોનો વહીવટ તેમજ શિક્ષણ બોર્ડ ગાંધીનગર કોર્પોરેશનનું અલગ બનાવવું અને રાજ્ય સરકાર તરફથી જે બંધારણીય જગ્યાઓ ભરવાની કાર્યવાહી થવી જોઈએ, તે ન થઈ હોવાથી રાજ્ય સરકારને અલગથી પત્ર વ્યવહાર લખી દુ:ખ વ્યક્ત કરવું.

૩૫. રાહતદરે સંસદસભ્યો, ધારાસભ્યો તથા અધિકારીશ્રીઓને પ્લોટ ફાળવવામાં આવેલ છે. આ પ્લોટો આ મકાનોની ટ્રાન્સફર ફી કલેકટરશ્રી દ્વારા લેવામાં આવે છે. તે કોર્પોરેશનને પ્રાપ્ત થાય તેવા સરકારશ્રી સાથે સઘન પ્રયાસો હાથ ધરવા.

(પ્રવીણ પટેલ)
ચેરમેન
સ્ટેન્ડિંગ કમીટી

# ગાંધીનગર મહાનગરપાલિકા

## સને ૨૦૧૩-૧૪ નું ડ્રાફ્ટ અંદાજપત્ર
## તથા
## સને ૨૦૧૨-૧૩ ના રીવાઈઝ અંદાજપત્ર પરત્વે
## કમિશનરશ્રી નું નિવેદન.

રાજ્યની આઠમી એવી પાટનગર ગાંધીનગરની મહાનગરપાલિકાના માનનીય મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, પ્રથમ માનનીય ડેપ્યુટી મેયરશ્રી યુસુફભાઈ પરમાર, સ્થાયી સમિતિના પ્રથમ માનનીય અધ્યક્ષશ્રી પ્રવીણભાઈ પટેલ તથા ચુંટાયેલ માનનીય સભાસદશ્રીઓને આવકારી ને હાર્દિક સ્વાગત કરૂં છુ અને તે સાથે ગાંધીનગર મહાનગરપાલિકાનું નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માટે દ્વિતીય ડ્રાફ્ટ અંદાજપત્ર તથા ૨૦૧૨-૧૩ના વર્ષનું રીવાઈઝ અંદાજપત્ર સહર્ષ રજુ કરૂં છું.

મહાનગરપાલિકા ના આવક ના સ્ત્રોત તરીકે વ્યવસાયવેરા ઉપરાંત તાજેતરમાં મિલકતવેરા નો અમલ શરૂ કરવામાં આવેલ છે. મિલકતવેરાના વર્ષ ૨૦૧૧-૧૨ તથા ૨૦૧૨-૧૩ માટે ₹૭૧૬.૩૮ લાખ ની અંદાજીત આવક સામે માસ નવેમ્બર ૨૦૧૨ સુધીમાં ₹૪૧૬-૩૮ લાખની વસુલાત થયેલી છે. મિલકતવેરો સૌ પ્રથમ વખત અમલી બનેલ હોવાથી આવકના હેતુસર હવે વધારે સઘન પ્રયાસ હાથ ધરવામાં આવનાર છે. મિલકતવેરાના અમલને માત્ર પાંચ માસનો સમય થયેલ છે તેમજ વ્યવસાયવેરો અને સફાઈ યુઝર ચાર્જ પણ અમલી હોવાથી નાગરિકો ઉપર વિશેષ કર બોજ ટૂંકા સમયમાં ઉદભવે નહિ તે
માટે વર્ષ ૨૦૧૩-૧૪ માટેનું અંદાજપત્ર નવા કર-વેરા દર વિનાનું રજુ કરવામાં આનંદની લાગણી અનુભવું છું. નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ના રીવાઈઝ તથા વર્ષ ૨૦૧૩-૧૪ના ડ્રાફ્ટ અંદાજો રેવન્યુ આવક-ખર્ચ તથા કેપિટલ આવક-ખર્ચ પત્રક-અ અને બ મુજબ છે.

# પત્રક – અ

| | સને ૨૦૧૨-૧૩ના મંજુર અંદાજો(₹લાખમાં) | સને ૨૦૧૨-૧૩ના સુચવેલ રીવાઈઝ અંદાજો(₹લાખમાં) | સને ૨૦૧૩-૧૪ના ડ્રાફ્ટ અંદાજો(₹લાખમાં) |
|---|---|---|---|
| રેવેન્યુ બજેટ | | | |
| (અ) ઉઘડતી સિલક | ૭૩.૬૧ | ૨૩૦.૬૭ | ૯૭.૬૫ |
| + રેવન્યુ આવક | ૧૭૫૦.૨૭ | ૩૦૩૩.૧૮ | ૩૨૭૦.૩૬ |
| કુલ રેવન્યુ | ૧૮૨૩.૮૮ | ૩૨૬૩.૮૫ | ૩૩૬૮.૦૧ |
| -રેવન્યુ ખર્ચ | ૧૨૮૫.૭૩ | ૧૧૬૬.૨૦ | ૨૭૫૯.૬૫ |
| | ૫૩૮.૧૫ | ૨૦૯૭.૬૫ | ૬૦૮.૩૬ |
| -કેપીટલ બજેટમાં લઈ ગયાં | ૫૦૦.૦૦ | ૨૦૦૦.૦૦ | ૬૦૦.૦૦ |
| ચોખ્ખી સિલક | ૩૮.૧૫ | ૯૭.૬૫ | ૮.૩૬ |
| | | | |
| કેપીટલ બજેટ | | | |
| ઉઘડતી સિલક | ૧૨૫૫.૭૫ | ૨૨૪૦.૦૦ | ૫૦૬૫.૮૨ |
| +રેવન્યુ સરપ્લસ | ૫૦૦.૦૦ | ૨૦૦૦.૦૦ | ૬૦૦.૦૦ |
| +કેપીટલ આવક | ૨૦.૦૦ | ૧૫૩૦.૦૦ | ૫.૦૦ |
| | ૧૭૭૫.૭૫ | ૫૭૭૦.૦૦ | ૫૬૭૦.૮૨ |
| -કેપીટલ ખર્ચ | ૧૫૮૨.૨૫ | ૭૦૪.૧૮ | ૨૩૩૫.૦૦ |
| ચોખ્ખી સિલક | ૧૯૩.૫૦ | ૫૦૬૫.૮૨ | ૩૩૩૫.૮૨ |

# પત્રક – બ

| | સને ૨૦૧૨-૧૩ના મંજુર અંદાજો(₹લાખમાં) | સને ૨૦૧૨-૧૩ના સુચવેલ રીવાઈઝ અંદાજો(₹લાખમાં) | સને ૨૦૧૩-૧૪ના ડ્રાફ્ટ અંદાજો(₹લાખમાં) |
|---|---|---|---|
| રેવન્યુ આવક | | | |
| ૧. ટેક્ષ આવક | ૧૫૦.૫૦ | ૧૦૬૮.૪૧ | ૧૨૦૦.૧૦ |
| ૨. નોનટેક્ષ આવક | ૧૫૭.૨૭ | ૧૭૧.૨૩ | ૨૨૫.૭૬ |
| ૩. યુઝર ચાર્જીસ | ૧૨.૫૦ | ૨૬.૦૦ | ૩૨.૦૦ |
| ૪.ગ્રાંટ આવક | ૧૪૩૦.૦૦ | ૧૭૬૭.૫૪ | ૧૮૧૨.૫૦ |
| કૂલ રેવન્યુ આવક | ૧૭૫૦.૨૭ | ૩૦૩૩.૧૮ | ૩૨૭૦.૩૬ |
| રેવન્યુ ખર્ચ | | | |
| ૧.મહેકમ ખર્ચ | ૮૪૬.૨૦ | ૮૧૩.૦૦ | ૧૭૫૫.૦૦ |
| ૨.કન્ટજન્સી ખર્ચ | ૪૧.૫૨ | ૬૩.૦૫ | ૮૧.૦૦ |
| ૩.ઇલેકટ્રીસીટી અને નિભાવણી ખર્ચ | ૩૪૦.૬૦ | ૨૦૪.૦૦ | ૮૪૨.૫૦ |
| ૪. જાહેર કાર્યક્રમ ખર્ચ | ૫૭.૪૧ | ૮૬.૧૫ | ૮૧.૧૫ |
| કૂલ રેવન્યુ ખર્ચ | ૧૨૮૫.૭૩ | ૧૧૬૬.૨૦ | ૨૭૫૯.૬૫ |
| કેપીટલ આવક | | | |
| રેવન્યુ સરપ્લસ | ૫૦૦.૦૦ | ૨૦૦૦.૦૦ | ૬૦૦.૦૦ |
| કેપીટલ આવક ગ્રાંટ | ૦૦૦.૦૦ | ૧૫૨૫.૦૦ | ૦૦૦.૦૦ |
| કેપીટલ આવક ડીપોઝીટ | ૨૦.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ |
| કૂલ કેપીટલ આવક | ૫૨૦.૦૦ | ૩૫૩૦.૦૦ | ૬૦૫.૦૦ |
| કેપીટલ ખર્ચ | | | |
| કેપીટલ ખર્ચ | ૧૫૫૪.૭૫ | ૬૮૯.૬૮ | ૨૩૨૫.૦૦ |
| કેપીટલ ખર્ચ ગ્રાંટ | ૨૦.૦૦ | ૭.૦૦ | ૧૦.૦૦ |
| ડીપોઝીટ ખર્ચ | ૭.૫૦ | ૭.૫૦ | ૦૦.૦૦ |
| કૂલ કેપીટલ ખર્ચ | ૧૫૮૨.૨૫ | ૭૦૪.૧૮ | ૨૩૩૫.૦૦ |

## (૧) રીવાઈઝ રેવન્યુ બજેટ સને ૨૦૧૨-૧૩

### (અ) રીવાઈઝ રેવન્યુ આવક -૨૦૧૨-૧૩

મને જણાવતા આનંદ થાય છે કે મહાનગરપાલિકાને પોતાના આવકના સ્રોતો માંથી આવક મેળવવાના પ્રયત્નને એકંદરે સફળતા મળેલ છે. રાજય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ક્રમાંક જીએમસી /૮૦૨૦૧૧/૫૧૮૮ તા.૧૪-૦૩-૨૦૧૨ના ઠરાવથી ગાંધીનગર મહાનગરપાલિકાને શહેરમાં આવેલી મિલકતો પર ક્ષેત્રફળ આધારિત મિલકતવેરો તા-૦૧-૦૪-૨૦૧૧ થી અમલી બને તે રીતે વસુલ કરવાની મંજૂરી મળેલ છે. તદઅનુસાર શક્ય એટલી ત્વરાથી આવક શરૂ થાય તે માટે મહાનગરપાલિકાએ મિલકત વેરાના બીલો ચાલુ નાણાકીય વર્ષમાં બજાવીને વસુલાત શરૂ કરેલ છે. પરિણામે સને ૨૦૧૨-૧૩ માં મિલકત વેરા પેટે અંદાજે ₹ ७૦૦ લાખથી પણ વધુ આવક થવાનો અંદાજ છે. આ ઉપરાંત વ્યવસાય વેરાની વસુલાત ગત વર્ષ ની ₹ ૬૪ લાખની સામે સને ૨૦૧૨-૧૩ માં સંભવતઃ ₹ ૩૫૦ લાખ થી વધુ આવક થશે. રાજય સરકાર દ્વારા ફાળવવામાં આવેલ વ્યવસાય વેરાની ₹ ૧૩૦ લાખ ની ગ્રાંટ તથા મહાનગરપાલિકાની સિલક ઉપર મળનાર વ્યાજની ₹ ૧૪૦ લાખની આવક થશે. આથી સને ૨૦૧૨-૧૩ના રેવન્યુ આવકના મંજુર થયેલ અંદાજ ₹ ૧૭૫૦.૨૭ લાખમાં ₹ ૧૨૮૨.૯૧ લાખના વધારા સાથે કૂલ રેવન્યુ આવક ₹ ૩૦૩૩.૧૮ લાખ થવાનો અંદાજ છે.

### (બ) રીવાઈઝ રેવન્યૂ ખર્ચ – ૨૦૧૨-૧૩

સને ૨૦૧૨-૧૩ માં નવીન મહેકમ ભરતીની અપેક્ષાએ મહેકમ ખર્ચ ₹૮૪૬.૨૦ લાખનો અંદાજ હતો. ભરતી પ્રક્રિયા તાજેતરમાં શરૂ કરવામાં આવી છે તેથી મહેકમ ખર્ચમાં પ્રમાણસર બચત રહેશે. ગાંધીનગર શહેરની સફાઈ કામગીરી મુખ્યત્વે આઉટસોર્સિંગથી

કરાવવામાં આવી રહી છે. આથી અંદાજીત રેવન્યુ ખર્ચ ₹૧૨૮૫.૭૩ લાખની સામે રીવાઈઝ અંદાજ મુજબ ₹ ૧૧૬૬.૨૦ લાખની મર્યાદામાં રહેશે.

(ક) એકંદર પરિસ્થિતિ મુજબ સને ૨૦૧૨-૧૩ માટે મંજુર થયેલ રેવન્યુ આવક ₹૧૭૫૦.૨૭ લાખ, રેવન્યુ ખર્ચ ₹૧૨૮૫.૭૩ લાખના અંદાજ મુજબ રેવન્યુ સરપ્લસ ₹૪૬૪.૫૪ લાખ થનાર હતો. પરંતુ રીવાઈઝ અંદાજો મુજબ રેવન્યુ આવક ₹ ૩૦૩૩.૧૮ લાખ માંથી અંદાજીત રેવન્યુ ખર્ચ ₹૧૧૬૬.૨૦ લાખ બાદ જતા રેવન્યુ સરપ્લસ ₹૧૮૬૬.૯૮ લાખ થશે. જે મૂળ અંદાજ ₹૪૬૪.૫૪ લાખ કરતા ₹૧૪૦૨.૪૪ લાખ વધારે થવાનો અંદાજ છે.

## (૨) રીવાઈઝ કેપિટલ બજેટ ૨૦૧૨-૧૩

### (અ) રીવાઈઝ કેપિટલ આવક – ૨૦૧૨-૧૩

સને ૨૦૧૨-૧૩ દરમ્યાન સરકારશ્રી તરફથી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ₹૪૦૦ લાખની ગ્રાંટ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ માટે ₹ ૩૦૦ લાખની ગ્રાંટ તથા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ₹૮૨૫ લાખની ગ્રાંટ મળેલ છે. આ ઉપરાંત અપેક્ષિત રેવન્યુ સરપ્લસ ₹૨૦૦૦ લાખ મળવાની ધારણા છે. પરિણામે કેપિટલ આવક અંદાજિત ₹૫૨૦ લાખમાં ₹૩૦૧૦ લાખના વધારા સાથે કૂલ કેપિટલ આવક ₹ ૩૫૩૦ લાખ થવાનો અંદાજ છે.

(બ) રીવાઈઝ કેપિટલ ખર્ચ ૨૦૧૨-૧૩

સને ૨૦૧૨-૧૩ દરમ્યાન સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ હેઠળ મશીનરી તથા સાધનો ખરીદવા તથા સાયન્ટીફીક લેન્ડ ફીલ સાઈટ તૈયાર કરવાના ₹ ૧૨૦૦ લાખ સહીત કૂલ કેપિટલ ખર્ચ ₹ ૧૫૮૨.૨૫ લાખ થવાનો અંદાજ હતો. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના સાધનો તથા મશીનરી ખરીદવાની પ્રક્રિયા પ્રગતિમાં છે જેના માટે ₹૫૦૦ લાખ ચુકવવામાં આવેલ છે.જયારે લેન્ડ ફીલ સાઈટ ના ઉપયોગ માટે ઓથોરાઈઝેશન અંગે ની કામગીરી થઇ રહી હોઈ વર્ષાન્તે સદર યોજના હેઠળ સહીત અન્ય કેપિટલ ખર્ચ મળીને રીવાઈઝ અંદાજ મુજબ કેપિટલ ખર્ચ ₹ ૭૦૪.૧૮ લાખ થવાનો અંદાજ છે.

## (3) ડ્રાફ્ટ અંદાજપત્ર ૨૦૧૩-૧૪

(અ) રેવન્યુ આવક – ૨૦૧૩-૧૪

સને ૨૦૧૩-૧૪મા ટેક્ષ આવક સદરે મિલકતવેરા પેટે ₹૮૦૦ લાખ,વ્યવસાયવેરા પેટે ₹ ૪૦૦ લાખ સહીત કૂલ રેવન્યુ આવક ₹૧૨૦૦.૧૦ લાખ થવાનો અંદાજ છે. નોન ટેક્ષ આવક સદરે અંદાજીત ₹૨૨૫.૭૬ લાખ, યુઝર ચાર્જીસ સદરે અંદાજિત ₹૩૨ લાખ આવક થશે. રેવન્યુ ગ્રાંટ સદરે મુખ્યત્વે ઓકટ્રોય વળતર ગ્રાંટ ₹૧૨૦૦ લાખ સહીત અન્ય ગ્રાંટ મળી કૂલ રેવન્યુ ગ્રાંટ અંદાજીત ₹ ૧૮૧૨.૫૦ લાખ થવાનો અંદાજ છે. જેથી કૂલ રેવન્યુ આવક અંદાજીત ₹ ૩૨૭૦.૩૬ લાખ થશે.

## (બ) રેવન્યુ ખર્ચ - ૨૦૧૩-૧૪

### (૧) મહેકમ ખર્ચ

નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન સરકાર શ્રી એ મંજુર કરેલ મહેકમ પૈકી જે કામગીરી/ કચેરી કાર્યરત છે તેને સંલગ્ન ૬૦ જેટલી વિવિધ કામગીરીઓ આઉટસોર્સ કરવામાં આવેલ છે અન્ય ૪૫ જેટલી જગ્યા માટે સીધી ભરતીની પ્રક્રિયા પ્રગતિમાં છે. આ ઉપરાંત ભવિષ્યમાં તાંત્રિક, વહીવટી, કમ્પ્યુટર તથા અન્ય નવીન મેહકમ ની જરૂરિયાત રહેશે. તે માટે નવીન માળખાની મંજૂરી માટે સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ છે.

અગાઉની નોટીફાઇડ એરીયાની કચેરી ના છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર મેળવતા કર્મચારીઓ/ અધિકારીઓ ને તેમના પાંચ માસના બાકી લેણા ચૂકવવા માટે અગાઉ નામ હાઈકોર્ટ ધ્વારા કરવામાં આવેલ હુકમ અન્વયે તે રકમ ચુકવવાપાત્ર છે.

તેથી મેહકમ વિષયક આ બાબતો ધ્યાને લેતા નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન પગાર મહેકમ આઉટસોર્સિંગ તથા સંલગ્ન ખર્ચ સદરે ₹૧૪૦૦-૦૦ લાખ ઉપરાંત મેલેરિયા શાખાના કર્મચારીઓના પગાર, અન્ય આઉટસોર્સિંગ ખર્ચ વગેરે મળીને કૂલ ₹ ૧૭૫૫-૦૦ લાખનો ખર્ચ અંદાજિત છે.

### (૨) કન્ટીનજન્સી ખર્ચ

મહાનગરપાલિકાની હયાત કામગીરી ઉત્તરોત્તર વિસ્તરતી હોવાથી તે માટે વિવિધ પ્રકારના કન્ટીનજન્સી ખર્ચના સદર પેટે જરૂરી રકમની જોગવાઈ કરવી જરૂરી છે.તદઅનુસાર કન્ટીનજન્સી ખર્ચ પેટે સને ૨૦૧૩-૧૪મા કૂલ ₹ ૮૧ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

(૩) ઈલેક્ટ્રીસીટી અને નીભાવણી

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ હેઠળ – ડોર ટુ ડોર કચરો ઉપાડવાની નવીન – કામગીરી સને ૨૦૧૩-૧૪ માં શરૂ થનાર છે. જે માટે ₹ ૫૦૦ લાખ ઉપરાંત GPMC ACT ની જોગવાઈ અનુસાર શહેરી ગરીબ અને પછાત વિસ્તાર માં લોકસુવિધાના કામો માટે ₹ ૧૫૦ લાખ તેમજ ઈલેક્ટ્રીસીટી અને અન્ય નિભાવણીના વિવિધ સદરોમાં થનાર અંદાજીત ખર્ચ ની જોગવાઈ મળી ને આ સદરે ₹ ૮૪૨-૫૦ લાખ ખર્ચ થવાનો અંદાજ છે આમ સને ૨૦૧૩-૧૪ માં ₹ ૨૭૫૯.૬૫ લાખ નો અંદાજીત રેવન્યુ ખર્ચ થશે.

એકંદર પરિસ્થિતિ મુજબ સને ૨૦૧૩-૧૪ ની અંદાજીત રેવન્યુ આવક ₹ ૩૨૭૦.૩૬ લાખ માંથી અંદાજીત રેવન્યુ ખર્ચ ₹ ૨૭૫૯.૬૫ બાદ કરતા રેવન્યુ સરપ્લસ ₹ ૫૧૦.૭૧ લાખ થવાની ધારણા છે.

(ક) કેપીટલ બજેટ -૨૦૧૩-૧૪

મહાનગરપાલિકા ધ્વારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત સંકલિત પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ છે જે માટે સફાઈ ના વાહનો તથા કન્ટેઈનર ખરીદવા ₹ ૧૨૫-૦૦ લાખ, નવીન જે.સી.બી. મશીન ખરીદવા ₹૩૫ લાખ, તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ મશીનરી અને સાધનો તેમજ લેન્ડ ફીલ સાઈટ સાયન્ટીફીક ઢબે તૈયાર કરવાના પ્રોજેક્ટ માટે ₹૧૫૦૦ લાખની જોગવાઈ સને ૨૦૧૩-૧૪માં કરવામાં આવી છે.

(ખ) નાગરિકોની સુવિધા માટે મહાનગરપાલિકાની વેબસાઈટ તૈયાર કરવા તથા ઈ-ગર્વનન્સ પ્રોજેક્ટનો તબક્કાવાર અમલ કરવા ₹૨૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

(ગ) GPMC ACT ની જોગવાઈ અનુસાર શહેરી ગરીબ અને પછાત વિસ્તારમાં વિકાસના કામો માટે ₹૧૫૦ લાખ, જ્યારે માનનીય મેયરશ્રી સૂચવે તેવા તાકીદના સેવા-વિકાસના કામો માટે ₹૨૦૦ લાખ અને માનનીય સભાસદોના સુચનના વિકાસના કામો માટે ₹૯૯ લાખની

જોગવાઈ ઉપરાંત મહાનગરપાલિકાની ભવિષ્યની કચેરીઓની વ્યવસ્થા કરવાના ભાગરૂપે બહુમાળી ભવનમાં નવીન ઓફિસો ખરીદી/મેળવી તૈયાર કરવા ₹૫૦ લાખ મળીને કૂલ અંદાજિત ખર્ચ ₹ ૨૩૩૫ લાખનો થશે.

## (૪) CAPACITY BUILDING

ગાંધીનગર મહાનગરપાલિકા હાલ મુખ્યત્વે શહેરની સફાઈ,સ્વચ્છતા માટે ઘન કચરાના એકત્રીકરણ તથા નિકાલ, અર્બનમેલેરિયા નિયંત્રણ, અગ્નિશમન, જન્મ-મરણ,લગ્ન નોધણી, વગેરે સેવાકીય કામગીરીઓ સંભાળી રહેલ છે. ભવિષ્યમાં પાણી પુરવઠો,રસ્તા-પુલો,સ્ટ્રીટ લાઈટ, આરોગ્ય, નગર આયોજન વગેરે જેવા કામ તબક્કાવાર સંભાળવાના થાય તે માટે આર્થિક સ્થિતિ તથા તાંત્રિક,વહીવટી માળખાની ક્ષમતા સુદ્રઢ(CAPACITY BUILDING) કરવાની દિશામાં પ્રયાસ શરૂ કરવામાં આવેલ છે.

મને જણાવતા આનંદ થાય છે કે મહાનગરપાલિકા ઉતરોતર આર્થિક સક્ષમતા ક્રમશઃ મેળવવા તરફ આગળ વધી રહી છે. તેના પરિણામ સ્વરૂપ,આવનાર વર્ષોમાં, ગાંધીનગર શહેરના નાગરિકોને ગુણવતાસભર ભૌતિક માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાના પડકારને પહોચી વળવા આર્થિક સક્ષમતા કેળવવાનું આયોજન છે. પરંતુ વિવિધ પ્રકારની ભૌતિક માળખાકીય સુવિધાઓ જેવી કે પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, રસ્તા-પુલો, આરોગ્ય વગેરે જેવા વિકાસના કામો માટે માત્ર આર્થિક સક્ષમતા જ નહિ પરંતુ પર્યાપ્ત તાંત્રિક માળખા માટે અનુભવી – અધિકારીઓ કર્મચારીઓ / તજજ્ઞો મહાનગરપાલિકામાં ઉપલબ્ધ હોવા જરૂરી છે અને તેથી આવનાર વર્ષોમાં મહાનગરપાલિકા પૂર્ણ કક્ષાએ તમામ વહીવટી અને તાંત્રિક માળખાથી સુસજ્જ થઈને કાર્યરત થઈ શકે તે ઉદેશથી વહીવટી અને તાંત્રિક મહેકમનું માળખું વિસ્તૃત રીતે તૈયાર કરી રાજય સરકારની મંજૂરી મેળવવા પ્રયત્ન શરૂ કરેલ છે. આ મંજૂરી મળ્યેથી તે મુજબનું મહેકમ ઉપલબ્ધ કરવા માટે કાર્યવાહી કરવામાં આવશે અને અસરકારક પરિણામ માટે તેઓને વ્યવહારુ રીતે તાલીમબદ્ધ કરવાનું આયોજન વિચારેલ છે.

## (૫) સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ

સરકારશ્રી દ્વારા મંજુર ગ્રાંટ અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકાની મહત્વની એવી શહેરની સફાઈની કામગીરી દ્વારા શહેરને સ્વચ્છ અને સુંદર જાળવી રાખવાના મુખ્ય ધ્યેયને અનુલક્ષીને જુદા-જુદા મહત્વના કામો અમલમાં મુકવા માટે કામગીરી ગતિમાં છે,તે અંતર્ગત

### (અ) ડોર-ટુ-ડોર કચરાનું એકત્રીકરણ

હાલમાં મહાનગરપાલિકા દ્વારા સફાઈ કામગીરી અંતર્ગત શહેરના મુખ્ય રસ્તાઓ તથા આંતરિક રસતાઓની સફાઈ કરી, કચરો ઉપાડીને નિકાલ કરવામાં આવી રહેલ છે. શહેરમાં સફાઈની સુવિધાનો વ્યાપ વધારવા માટે નગરજનોના ઘરમાં નીકળી આવતો રોજબરોજનો કચરો પરભારે ડોર-ટુ-ડોર સેવા હેઠળ એકત્રિત કરી નિકાલના સ્થળ સુધી લઈ જવા મહાનગરપાલિકા દ્વારા ઝોનવાર સ્પર્ધાત્મક રીતે ઈજારો આપવા માટે જાહેરાત કરી ઈજારદારો પાસેથી ટેન્ડર મંગાવવામાં આવેલ હતા. જેમાં માત્ર એક સ્પર્ધક આવેલ છે.તેથી તંદુરસ્ત હરીફાઈનું તત્ત્વ જળવાતું ન હોવાથી જનહિતમાં ટેન્ડર પ્રકિયા પુન:હાથ ધરવાનું આયોજન છે જે શક્ય એટલી ત્વરાથી પૂર્ણ કરવામાં આવનાર છે. આ લોકાપયોગી કામ માટે ₹ ૫૦૦ લાખની નાણાકીય જોગવાઈ છે.

#### (૧) સ્વચ્છતા માટે લોકસહયોગ

વિના મૂલ્યે ડસ્ટબીન

ગાધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમા અસરકારક રીતે સ્વચ્છતા જળવાઇ રહે તે માટે ઘરે ઘરથી (ડોર ટુ ડોર) કચરાના એકત્રીકરણ ની કામગીરી શરૂ કરવાનુ આયોજન છે. આ યોજનાને નગરજનોના સક્રિય સાથ સહકાર થકી સફળતાપૂર્વક અમલી બનાવી શક્ાય તે માટે પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ મહાનગરપાલિકાના મોડેલ પરથી મહાનગરપાલિકાના એક-બે વોર્ડમાં કચરો

એકત્ર કરવા નગરજનોને મહાનગરપાલિકા દ્વારા ડસ્ટબીન વિના મુલ્યે પૂરા પાડીને સ્વચ્છતા માટે સહકાર મેળવવાનુ આયોજન છે. આ પ્રાયોગિક કામગીરીને સમાયંતરે સમીક્ષા કરી અન્ય વોર્ડમા તેનુ અમલીકરણ હાથધરવાનુ આયોજન વિચારેલ છે.

શહેરની સ્વચ્છતા તથા સુંદરતા જાળવવાનું કામ જનજાગૃતિ દ્વારા જનસહયોગ મેળવીને કરવામાં આવે તો વધારે સારા પરિણામ મેળવી શકાય. તેથી સ્વચ્છતા જાળવવા અંગે નાગરિકો, વસાહત મંડળો સાથે બેઠકો / પરામર્શ, - શૈક્ષણિક સંસ્થાઓમાં સ્વચ્છતા માટેના સુત્રો તૈયાર કરવાની હરીફાઈ, નિબંધ સ્પર્ધા વગેર કરવાનું આયોજન છે.

(બ) લેન્ડ ફીલ સાઈટ / ટ્રીટમેન્ટ પ્લાન્ટ

સોલીડવેસ્ટ મેનેજમેન્ટ યોજના અંતર્ગત ડોર-ટુ-ડોર સેવા દ્વારા એકત્રિત કરવામાં આવનાર કચરો તથા મુખ્ય રસ્તા, શેરીઓનો એકત્રિત થનાર કચરાનો વૈજ્ઞાનિક ઢબે પ્રદૂષણમુક્ત રીતે નિકાલ કરવાના ભાગ રૂપે-લેન્ડ ફીલ સાઈટ તૈયાર કરવા / ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત કરવાનું આયોજન પ્રગતિ હેઠળ છે. લેન્ડ ફીલ સાઈટ માટે જમીન નીમ થઇ ગયેલ છે.ગુજરાત પ્રદૂષણ નિયત્રણ બોર્ડનો પરામર્શ પણ કરવામાં આવી રહેલ છે.

(ક) મીકેનાઇઝ રોડ સ્વીપીંગ

શહેરના મુખ્ય માર્ગો પર હાલમાં મહાનગરપાલિકાની આઉટસોર્સિંગ એજન્સી મારફત સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે. ગાંધીનગર શહેર ગુજરાત રાજ્યનું પાટનગર છે. જેમાં ઊચ્ચ દરજ્જાના મહાનુભાવોનો વસવાટ છે.શહેરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રદર્શનો/કન્વેન્શન વખતોવખત યોજાતા હોય છે. આ દ્રષ્ટિએ પણ પાટનગરને ઓછા સમયમાં વધારે અસરકારક રીતે સ્વચ્છ રાખવું

ખુબ જ જરૂરી છે. આ માટે મીકેનાઇઝ રોડ સ્વીપીંગ_પદ્ધતિને પણ અમલી બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે, જે માટેના સાધનો / મશીનરી ખરીદવા માટેની દરખાસ્ત સરકારશ્રીને મંજૂરી માટે રજુ કરવામાં આવેલ છે. મીકેનાઇઝ રોડ સ્વીપીંગની કામગીરી પૂર્ણ કક્ષાએ ચાલુ થતા સમય અને શક્તિનો વિશેષ બચાવ થશે અને નાગરિકોની સુખાકારીમાં વૃદ્ધિ થશે.

(ડ) વે.બ્રીજ

સોલીડવેસ્ટ મેનેજમેન્ટ યોજના અંતર્ગત અત્યંત જરૂરી એવા મહાનગરપાલિકાનો વે બ્રીજ તૈયાર કરવાની પ્રક્રિયા અગ્રિમતાથી હાથ ધરવામાં આવી છે. જે માટે જરૂરી નાણાકીય જોગવાઈ મુખ્ય પ્રોજેક્ટ સદરે કરવામાં આવી છે આ વે બ્રીજ માટે કેટલીક તાંત્રિક મુશ્કેલી ઊભી થતાં સુચારૂ હલ માર્ગ અને મકાન વિભાગના પરામર્શમાં કરવામાં આવી રહેલ છે.

(ઙ) પ્રાથમિક શાળાના બાળકો માટે સુવિધા

ગાધીનગર શહેરમા આવેલી ખાનગી પ્રાથમિક શાળાઓ ની તુલનામાં સરકારી પ્રાથમિક શાળાઓમા અભ્યાસ કરતા બાળકોને પર્યાપ્ત સુવિધા મળી રહે, અભ્યાસમા અભિરુચિ વધે, તેમનો શારીરિક અને સર્વાંગી વિકાસ થાય ઇતર પ્રવુતિઓમા ભાગ લેતા અને ખેલ મહાકુંભ જેવી મોટી સ્પર્ધામાં ભાગ લઈ વિજેતા બનવાની સક્ષમતા કેળવે તે માટે જુદી-જુદી રમતો માટે ખૂટતી સુવિધા આપવાનું આયોજન છે. તે હેતુથી પ્રજાના ચુંટાયેલ પ્રતિનિધિઓ એવા કાઉન્સીલરશ્રીઓના સૂચનના કામો પૈકી રમતના કોર્ટ / સાધનો જેવા કે વોલીબોલના મેદાન માટે પોલ, ખો-ખોના પોલ, બેલેંસીગ બાર વિગેરેની જોગવાઇ કરવાનુ આયોજન છે. પીવાના પાણીની હયાત સુવિધા સુદઢ બનાવવા પી.વી.સી. ટૅક , સામાન્ય ફીટીગ ની સામગ્રી ઉપલબ્ધ કરાવવાનુ પણ આયોજન છે. આ ઉપરાંત શાળાઓમા જુદી જુદી ગ્રાંટ માંથી ઉપલબ્ધ સુવિધા બેવડાય નહિ તે રીતે ખુટતી અન્ય પાયાની સુવિધાઓ ઉભી કરવા શાસનાઅધિકારીના પરામર્શમા આયોજન કરવાનું વિચારેલ છે.

## (૭) વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૩

જાન્યુઆરી ૨૦૧૩મા શહેરમાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૩નો "ગ્લોબલ બિઝનેસ હબ" મેળો /પ્રદર્શન સફળતાપૂર્વક પૂર્ણ થયેલ છે. જયારે વૈશ્વિક કક્ષાના આ પ્રદર્શન/સેમિનારમાં દેશવિદેશના હજારોની સંખ્યામાં મહાનુભાવો આવતા હોવાથી તેમજ આ વિશાળ પ્રદર્શનની મુલાકાત લાખો લોકો લેવાના હોય ત્યારે સ્વચ્છતા જાળવવાનું કામ ખુબ પડકારરૂપ અને અત્યંત મોટું બની જાય છે. તેમ છતાં આ પડકારોને અસરકારક રીતે પહોચી વળીને ગાંધીનગર મહાનગરપાલિકા સફાઈની કામગીરી પ્રશંસનીય રીતે બજાવી શકી છે.

## (૮) એકાઉન્ટીંગ રિફોર્મસ

અગાઉ તા. ૩૦-૪-૨૦૧૦ સુધી ગાંધીનગર શહેરમાં નોટીફાઈડ એરિયા કચેરી અસ્તિત્વમાં હતી.ત્યારબાદ ગાંધીનગર મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવેલ છે. નવરચિત મહાનગરપાલિકામાં નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ દરમ્યાન પૂર્ણ કક્ષાએ હિસાબી વિભાગ કાર્યરત થયેલ ન હતો જેથી સને ૨૦૧૦-૧૧ તથા સને ૨૦૧૧-૧૨ના હિસાબો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સેવા દ્વારા પૂર્ણ કરવામાં આવેલ મહાનગરપાલિકાની હિસાબી કામગીરી-ઇન-હાઉસ કરવા,આઉટસોર્સિંગ એજન્સી દ્વારા સને ૨૦૧૨-૧૩થી શરૂ કરવામાં આવી છે. પ્રથમથી જ મહાનગરપાલિકાના હિસાબો દ્વીનોધી હિસાબી પદ્ધતિ અનુસાર કોમ્પુટરાઈઝ પદ્ધતિથી નિભાવવાના શરૂ કરવામાં આવેલ છે.આ ઉપરાંત હિસાબોમાં ચોક્કસતા,સરળતા અને સ્પષ્ટતા આવે તે રીતે ગાંધીનગર મહાનગરપાલિકાનો આગવો એકાઉન્ટ કોડ તથા કોસ્ટ સેન્ટરનું માળખું સને ૨૦૧૨-૧૩માં તૈયાર કરી અમલ કરવામાં આવેલ છે પરિણામે સને ૨૦૧૨-૧૩ અંતિત આખરી હિસાબો અને સરવૈયું આધુનિક પદ્ધતિ હેઠળ તૈયાર થશે.

## (૯) કોમ્પુટરાઈઝેશન અને e-governance

એ નોધનીય છે કે ગાંધીનગર મહાનગરપાલિકામાં વહીવટી,હિસાબી કામગીરીમાં સરળતા અને,સ્પષ્ટતાની સાથે પારદર્શકતા લાવવાનું આયોજન તેની રચનાના બીજા જ વર્ષથી શરૂ કરી e-governance યોજના હેઠળ મહત્વની કામગીરી કોમ્પુટરાઈઝ પદ્ધતિથી શરૂ કરેલ છે.તે સાથે નાગરિકોને વધારે સરળતાથી વહીવટી સેવાઓ પૂરી પાડવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

### (૧) PAY-ROLL COMPUTERISATION

કર્મચારીઓના પગાર ચુકવણા માટે પે રોલનું કોમ્પુટરાઈઝેશન કરવામાં આવેલ છે.જે અંતર્ગત જાન્યુઆરી ૨૦૧૩ થી માર્ચ ૨૦૧૩ સુધીના મેન્યુઅલ તથા કોમ્પુટરાઈઝ પે રોલ સમાંતર રીતે તૈયાર કરી હાલ ટેસ્ટીંગ હેઠળ છે.આગામી સને ૨૦૧૩-૧૪ના વર્ષથી પૂર્ણ કક્ષાએ કોમ્પુટરાઈઝ પેરોલ પદ્ધતિનો અમલ કરવામાં આવશે.

### (૨) E.C.S. PAYMENT SYSTEM

ગાંધીનગર મહાનગરપાલિકાને માલસામાન પુરો પાડનાર વેપારીઓ તથા વિવિધ સેવાઓ પુરી પાડનાર ઇજારદારોને તેમના ચુકવણા ચેકથી કરવામાં આવી રહયા છે જે સને ૨૦૧૩-૧૪થી E.C.S પદ્ધતિથી કરવા આયોજન છે પરિણામે સબંધકર્તાઓને તેમના ચુકવણા પરભારે તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવશે તે સાથે સાથે હિસાબી કામગીરીમાં પણ સરળતા રહેવા ઉપરાંત FACELESS વહીવટની દિશામાં કદમ માંડી શકશે.

(3) **TAX BILL PAYMENT/ ACCEPTANCE THROUGH BANK DEBIT CREDIT CARD**

ગાંધીનગર મહાનગરપાલિકાએ પ્રથમ વખત જ મિલકતવેરાના બીલો બે વર્ષ ના એક સાથે કોમ્પ્યુટરાઈઝ પધ્ધતિથી તૈયાર કરી કરદાતાઓને બજાવેલ છે તે સાથે નાગરિકો તેમના વેરા રોકડમાં, ચેક દ્વારા ઉપરાંત બેંક ડેબિટકાર્ડથી કરી શકે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

(૪) **મહાનગરપાલિકાની પોતાની WEBSITE અને ONLINE TAX BILL ACCEPTANCE**

મહાનગરપાલિકાની WEBSITE તૈયાર કરાવી કાર્યરત કરવા સને ૨૦૧૩-૧૪ માટે આયોજન કરવામાં આવેલ છે. જે થકી મહાનગરપાલિકાની વહીવટી તેમજ વિકાસલક્ષી માહિતી જાહેર જનતા માટે ગમે તે સમયે અને ઘર બેઠા ઉપલબ્ધ થશે. તેથી વહીવટમાં વધુ પારદર્શકતા આવશે. આ ઉપરાંત નાગરિકો પોતાના વેરા બીલો ગમે તે સમયે ગમે તે સ્થળેથી પોતાની જાતે જ બેંકમાં પરભારે ભરપાઈ કરી શકે તે માટે ON-LINE PROPERTY TAX BILLનું ચુકવણું પણ આગામી નાણાકીય વર્ષમાં શરૂ કરવામાં આવનાર છે.

(૫) **E-TENDERING**

મહાનગરપાલિકાના જરૂરી માલસામાનની ખરીદી માટે કે વિવિધ સેવાના ઈજારા માટે સ્પર્ધાત્મક રીતે ભાવપત્રો આમંત્રિત કરવા E-TENDERINGનો પણ અમલ સને ૨૦૧૨-૧૩ માં શરૂ કરેલ છેપરિણામે ખરીદી ની પ્રક્રિયા સરળ થવા ઉપરાંત પારદર્શકતા પણ દાખલ થયેલ છે.

(૯) COMPUTERISATION OF OTHER SERVICES

મહાનગરપાલિકામાં પ્રારંભ થી જ વ્યવસાયવેરાની વસુલાત ની કામગીરી, જન્મમરણ નોંધણી, લગ્ન નોંધણી જેવી કામગીરી કોમ્પ્યુટરાઈઝડ પધ્ધતિ થી અમલી બનાવી છે.

(૧૦) ઓડિટીંગ રીફોર્મ

મે- ૨૦૧૧ થી ગાંધીનગર મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ કોઈ ચોક્કસ માળખાના અભાવે સને ૨૦૧૦-૧૧ તથા સને ૨૦૧૧-૧૨ ના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ હિસાબો નુ ઓડીટ પણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મારફત કરાવવામાં આવેલ હતું. પરંતુ વહીવટી હિતમાં યોગ્ય નિયમિત પદ્ધતિ ત્વરિત દાખલ કરવાના ભાગરૂપે વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન દ્વિનોંધી હિસાબી પધ્ધતિ હેઠળ એકાઉન્ટ કોડ, કોસ્ટ સેન્ટર માળખું તૈયાર કરવામાં આવેલ. મહાનગરપાલિકાનું હિસાબી કામકાજ નવી પધ્ધતિ હેઠળ તાજેતરમાં શરૂ કરવામાં આવેલ છે. મહાનગરપાલિકાના હિસાબો માટે CONCURRENT ઓડીટ કરવાની પદ્ધતિઓ વિક્સાવવાની હોવાથી સને ૨૦૧૨-૧૩ માટે ઇનહાઉસ તૈયાર થનાર હિસાબોનું ઓડીટ ગત વર્ષ ના ધોરણે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મારફત કરવાનું થશે.પરંતુ એ નોંધનીય છે કે ગાંધીનગર મહાનગરપાલિકા માટે ઓડીટ પ્રોસીજર તથા સત્તા નિયંત્રણ અંગે ના આગવા નિયમો તૈયાર કરી સ્થાયી સમિતિ તથા સામાન્ય સભાની મંજૂરી મેળવવામાં આવી છે જેથી આ નિયમો હેઠળ સને ૨૦૧૩-૧૪ થી CONCURRENT પોસ્ટ ઓડીટ તથા ૨૦૧૪-૧૫ થી CONCURRENT પ્રિ-ઓડીટ કરવાં આયોજન છે. આથી હિસાબી કામકાજમાં વધારે ચોક્કસતા તથા પર્યાપ્ત નિયત્રંણ લાવી શકાશે.

## (૧૧) બજેટિંગ રીફોર્મસ

ગાંધીનગર મહાનગરપાલિકાની વિધિવત રચનાના પ્રથમ વર્ષમાં વર્ષ ૨૦૧૧-૧૨ માટે નુ બજેટ અગાઉ થી તૈયાર કરવામાં આવેલ ન હતું પરંતુ સને ૨૦૧૨-૧૩ ના અંદાજપત્ર સાથે તેનો સમાવેશ કરવામાં આવેલ. સને ૨૦૧૩-૧૪ નો અંદાજપત્ર તૈયાર કરવામાં આવેલ છે.

ઉલ્લેખનીય એ છે કે ગુજરાત પ્રોવેન્સીઅલ મ્યુનીસિપલ કોર્પોરેશન એક્ટની જોગવાઈ અનુસાર મહાનગરપાલિકાના અંદાજપત્રમાં સામાન્ય સભાએ મંજુર કરેલ રકમ ની મર્યાદામાં ખર્ચ થવા જોઈએ. અંદાજપત્રમાં જોગવાઈ ન હોય તેવા કોઈ ખર્ચ/ કામ મહાનગરપાલિકા કરી ન શકે. GPMC ACT ની આ જોગવાઈના ચુસ્તપણે પાલન કરવાં ના હેતુસર બજેટ મોનીટરીંગ અને કંટ્રોલીંગ પધ્ધતિ વિકસાવી તે અંગે કચેરીની હિસાબી શાખા સહ તમામ શાખાના કર્મચરીઓને તાલીમ આપી ધોરણસરની બજેટ મોનીટરીંગ અને કંટ્રોલીંગનો તબક્કાવાર અમલ સને ૨૦૧૩-૧૪ થી કરવાં માટે આયોજન છે.

## (૧૨) શહેરી ગરીબ તથા પછાત વિસ્તારમાં સુવિધા

ગુજરાત પ્રોવેન્સીઅલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ અન્વયે મહાનગરપાલિકાના અંદાજપત્રમાં શહેરી ગરીબ અને પછાત વિસ્તારમાં લોક સુવિધાના તથા વિકાસના કામો માટે ચોક્કસ રકમની જોગવાઈ કરી તે મુજબ ખર્ચ કરવો જરૂરી છે, તેને અનુલક્ષીને સને ૨૦૧૩-૧૪માં શહેરી ગરીબ તથા પછાત વિસ્તારમાં લોક સુવિધાના કામો માટે રેવન્યુ બજેટમાં ₹ ૧૫૦ લાખ તથા વિકાસ ના કામો માટે કેપિટલ બજેટમાં ₹ ૧૫૦ લાખ ની જોગવાઈ કરવામાં આવી છે.

## (૧૩) સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રીશ્રી- શહેરી વિકાસ યોજના

સરકારશ્રીની સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રીશ્રી- શહેરી વિકાસ યોજના અંતર્ગત ખાનગી વસાહતો/ખાનગી સોસાયટી વગેરેમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓ માટે નિયત વિકાસ કામો કરવા માટે સરકારશ્રી તરફથી ₹ ૧૦૦ લાખની ફાળવણી કરવામાં આવી છે.

આ યોજના અંતર્ગત જે તે સોસાયટીની અરજી/રજૂઆત આવ્યેથી માળખાકીય સુવિધા માટે ૭૦% ખર્ચ સરકારશ્રીની ગ્રાંટ માંથી થશે, ૨૦% રકમ લોકફાળા પેટે થશે, અને મહાનગરપાલિકાએ ૧૦ ટકા રકમ ભોગવવાની રહેશે.

મહાનગરપાલિકા હસ્તક હાલ માત્ર નાયબ કાર્યપાલક ઇજનેર કક્ષાના સરકારશ્રીના ઈજનેરશ્રી સીટી એન્જિનીયર તરીકે વધારાની કામગીરી સંભાળે છે. મહાનગરપાલિકામાં તેઓ સિવાય અન્ય તાંત્રિક માળખું ન હોવાથી તેમજ લોકફાળો મળવાનો બાકી હોવાથી આ કામગીરી હાથ ધરવી બાકી છે.

હાલના તબક્કે, સોસાયટીના આંતરિક રસ્તા પાકા કરવાં તથા પેવરબ્લોકની કામગીરી માટે જ અરજી આવેલી છે. જેમના ફાળાની ૨૦% મુજબની રકમ જમા આવ્યેથી આગળની કામગીરીહાથ ધરી શકાશે આ માટે જરૂર જણાયે આઉટસોર્સિંગથી પણ કામગીરી લેવાનું આયોજન છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરીવિકાસ યોજના અંતર્ગત સરકારશ્રી તરફથી મળેલ ₹ ૪૦૦ લાખની ગ્રાન્ટમાંથી સેક્ટર-૧૬,૨૦,૨૨,૨૮,૨૯,30માં આવેલ રંગમંચના નવીનીકરણના કામો તબક્કાવાર હાથ ધરવાનું આયોજન છે.

રખડતા ઢોર નિયંત્રણ માટે ઢોર-ડબ્બાના કામ, પે એન્ડ યુઝ ટોઇલેટ બ્લોક માટેના કામો હાથ ધરવાના પણ આયોજન છે. આ તમામ કામગીરી ઝડપથી શરૂ કરીને પૂર્ણ કરી શકાય તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે.

## (૧૪) ગાંધીનગર શહેરમાં રેન-બસેરા

શહેરમાં બાંધકામ સાથે સંકળાયેલા શ્રમિકો કે જેઓ તદ્દન કામ ચલાઉ ધોરણે બાંધકામ સ્થળે દરેક ઋતુની વિપરીત પરિસ્થિતિમાં અને ઘણું કરીને બિન અરોગ્યોપદ સ્થિતિમાં આશ્રય લેતા હોય છે. તેથી માનવીય અભિગમ અપનાવીને આવા શ્રમજીવીઓ માટે શહેરમાં ૨૦૦૦ ચો.મીની જગ્યામાં એક એવા બે રેન-બસેરા પાણી,વીજળી,ગટર વ્યવસ્થા,પથારી,રસોડા તેમજ બાળકો માટે રમત-ગમતના સાધનો સાથે એકના ₹ ૩૩.૦ લાખના હિસાબે કુલ ૨ જગ્યાએ રેન-બસેરા તૈયાર કરવા આયોજન કરવામાં આવેલ છે, જે માટે મંજૂરી આપવાની દરખાસ્ત સરકારશ્રીને કરવામાં આવી છે.

## (૧૫) વહીવટી-વિકેન્દ્રીકરણ :

### વોર્ડ કચેરીનો વધારો

મહાનગરપાલિકાની હાલ ની તમામ વહીવટી તથા વિકાસલક્ષી સેવાકીય કામગીરી વડી કચેરીથી કરવામાં આવી રહી છે. નાગરિકોએ તેમના કામો માટે શહેરના છેવાડેથી લાંબુ અંતર કાપીને વડી કચેરીએ આવવું પડે છે. તેથી તેઓ નજીકમાં આવેલ મહાનગરપાલિકાની વોર્ડ/ઝોન કચેરીનો સંપર્ક કરી શકે અને તે પ્રમાણે જુદા-જુદા વોર્ડમાં આવેલ કચેરીઓ મારફત મહ્દ અંશે તેઓને સીધી સેવા સરળતાથી આપી તે હેતુસર હાલની સે. ૭, ૧૬, ૨૧ અને ૨૮ ની વોર્ડ કચેરીઓ ઉપરાંત વધારે વોર્ડ/ઝોન કચેરીઓ શરૂ થઈ શકે તે માટે આયોજન વિચારેલ છે. આ ઉપરાંત ભવિષ્યમાં કોઈ એક વોર્ડ કચેરીમાં પ્રાયોગિક ધોરણે સીવીક સેન્ટર કાર્યરત કરવા વિચારણા થઈ શકશે, જે માટે પર્યાપ્ત માનવ શક્તિની જરૂરિયાત રહેશે.

આ સૂચિત વ્યવસ્થાથી નાગરિકો માટે વહીવટી/સેવાકીય કામગીરી સરળ, ઝડપી અને અસરકારક રીતે થઈ શકશે.

## (૧૬) આરોગ્ય સેવા

આરોગ્ય સેવા વિષયક કામગીરી મહાનગર પાલિકા હસ્તક ન હોવા છતાં સરકારશ્રીના આરોગ્ય વિભાગના માર્ગદર્શન અને ગ્રાન્ટની મદદથી રસીકરણ, વાહક જન્ય રોગ અને અન્ય રાષ્ટ્રીય પ્રોગ્રામો જેવા કે રાષ્ટ્રીય પલ્સ પોલિયો અભિયાન, શાળા આરોગ્ય કાર્યક્રમ અન્વયે કામગીરી મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ  મારફત કરવામાં આવેલ છે. આ ઉપરાંત આરોગ્યની સુવિધાઓ જાહેર જનતાને મળી રહે તે હેતુંસર ચાર  અર્બન હેલ્થ સેન્ટર કાર્યરત કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૨માં સમગ્ર ગુજરાતમાં વાહક જન્ય રોગનું પ્રમાણ ૨૦૧૧ની સરખામણીમાં વધેલ હતું. ગાંધીનગર કોર્પોરેશન એક માત્ર વિસ્તાર છે જ્યાં મેલેરીયાના કેસોમાં ઘટાડો જોવા મળેલ છે. વર્ષ ૨૦૧૨ દરમિયાન કૂલ ૭૨૩ કેસો જોવા મળેલ છે. તમામને જરૂરી સારવાર મળેલ હતી. વર્ષ દરમ્યાન ડેન્ગ્યુના કૂલ ૧૭૪ કેસ થવા પામેલ અને માત્ર એક મરણ થયેલ હતું. ડેન્ગ્યુનાં તમામ કેસોને યોગ્ય સારવાર આપવામાં આવેલ હતી.

વર્ષ ૨૦૧૨માં રૂટિન ઇમ્યુનાઇઝેશન પ્રોગ્રામમાં મહાનગર પાલિકા વિસ્તારમાં માસિક ૬૫ સેશન દ્વારા તમામ બાળકોને રસીકરણ કરેલ છે. મીઝલ્સ કેચ અપ કેમ્પેઇનમાં દસ વર્ષથી નાના અને નવ મહિનાથી મોટા બાળકોને આવરી લઇ ઓરીને કારણે થતાં મરણ અને માંદગીને અટકાવવામાં અગત્યનો ફાળો આપેલ છે. રાષ્ટ્રીય પલ્સ પોલિયો અભિયાનમાં બુથ કામગીરીમાં ૯૧ ટકા અને કૂલ કામગીરી ૧30 ટકા કરીને પાંચ વર્ષથી નાના તમામ બાળકોને પોલીયોરસીથી રક્ષિત કરેલ છે. શાળા આરોગ્ય કાર્યક્રમ અન્વયે ૧૮ વર્ષથી નાના તમામ બાળકોને આરોગ્યની તપાસણીનો કાર્યક્રમ અત્યારે ચાલુ છે. જેમાં કૂલ ૫૭,૨૬૪ બાળકોની તપાસનું આયોજન કરવામાં આવેલ છે.

## (૧૭) ખેલ મહાકુંભ

રાજ્યના વિવિધ વયજૂથોના નાગરિકો પોતે જેમાં રસ ધરાવતા હોય તેવી જુદી જુદી રમતોમાં સ્પર્ધાત્મક રીતે ભાગ લઈને પોતાના કૌશલ્યમાં વૃધ્ધિ સાથે સર્વાંગી વિકાસ સાધે તે માટે ખેલ મહાકુંભ યોજવામાં આવે છે. તેના ભાગ રૂપે મહાનગરપાલિકા વિસ્તારમાં વીસથી વધારે રમતો માટે ૨૦૧૨-૧૩ ના વર્ષમાં ૮૫૦૦ થી વધારે સ્પર્ધકોએ ભાગ લીધેલ છે. આ સ્પર્ધાઓ સરકારશ્રી ની ગ્રાન્ટ તથા જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરીના સહયોગથી સફળતા પૂર્વક યોજવામાં આવેલ છે.

## (૧૮) સફાઈ-જાગૃતિ અભિયાન.

તમામ વોર્ડ વિસ્તારોમાં ધનકચરાના એકત્રીકરણ / નિકાલ માટે કન્ટેનર્સ મુકવામાં આવેલ છે. તેમ છતાં શહેરના આંતરિક / મુખ્ય માર્ગો / જાહેર સ્થળો પર કયારેક કચરો / પ્લાસ્ટિક જોવા મળે છે. મહાનગરપાલિકાની સફાઈ કામગીરીમાં જે પડકારો છે તેમાં આ બાબત વધારો કરે છે. તેથી જાહેર જનતાના સહયોગ વિના શહેરની અર્થપૂર્ણ સફાઈ અતિ મુશ્કેલ છે. મહાનગરપાલિકા  વિસ્તારની વસ્તી શિક્ષિત છે. તેથી આ પ્રત્યક્ષ લોકોપયોગી કાર્યમાં તેઓનો સારો સહકાર મળી રહેશે તેમ હું માનું છુ. તેથી મહાનગરપાલિકા વિસ્તારની શ્રેષ્ઠ સફાઈ માટે જાગૃતિ કેળવવા સુગ્રથિત  પ્રયાસ કરવામાં આવનાર છે. તેથી નિયત યોગ્ય જગ્યાએ જ ધનકચરાનો નિકાલ કરવામાં આવે તે માટે સ્થાનિક રહીશો, સ્વૈચ્છિક સંસ્થાઓ વસાહત મંડળ, શૈક્ષણિક સંસ્થાઓના પરામર્શમાં રહીને સફાઈ પરત્વે જાગૃતિ અભિયાન કરવાનું આયોજન છે. આ અભિયાનમાં લોકપ્રતિનિધિ તરીકે ચુંટાયેલ મહાનગરપાલિકાના માનનીય કાઉન્સિલરશ્રીઓના સહકાર/ સક્રિયતા ખુબ ઉપયોગી નીવડે તેમ હોઈ તેઓનો સહયોગ મેળવવામાં આવશે આ પ્રમાણેની સ્વચ્છતા જાગૃતિ માટે રૂબરૂ સંપર્ક- બેઠકો, દૈનિકોમાં પ્રેસનોટ,પોસ્ટર્સ  દ્વારા અને શૈક્ષણિક સંસ્થાઓની વિશિષ્ટ સામેલગીરીથી તમામને સંદેશ પહોચાડવામાં  આવશે.

આ રીતે મહાનગરપાલિકાના સફાઈ કામદારો,સફાઈ માટેની તથા કચરો ઉપાડવાની આઉટસોર્સિંગ એજન્સી વધુ અસરકારક બને તે માટે પ્રયાસો રહેશે. તેમાં નિષ્કાળજી / શિથિલતા માટે કડક પગલા પણ લેવામાં આવશે.

## (૧૯) મિલકતવેરા આકારણી તથા વસુલાત

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તાર માટે GPMC ACTની જોગવાઇને અનુલક્ષીને ઓગસ્ટ ૨૦૧૨થી નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ તથા ૨૦૧૨-૧૩ માટે મિલકત વેરો અમલી બનાવવામાં આવેલ છે. નવરચિત મહાનગરપાલિકા માટે આ પ્રથમ વખતની કાયદાકીય વેરા આકારણી - વસુલાતની કામગીરી હોવાથી કેટલાક પ્રશ્નો અને પડકારો વચ્ચે મહાનગરપાલિકા મર્યાદિત સમયમાં ₹૪.૧૬ કરોડની વસુલાત મેળવી શકેલ છે, તે ખુબ નોધપાત્ર છે,તેમ છતાં આવી વિશાળ કામગીરી પ્રથમ વખત સંભળવામાં આવેલ હોઈ કેટલીક ક્ષતિઓ/ પ્રશ્નો ઉદભવે તે ઘણા અંશે સાહજીક છે. તેથી આકારણી રજિસ્ટરની નિયત સમયમાં પ્રત્યક્ષ ચકાસણી કરવા નાગરિકોને જે તક આપવામાં આવી હતી તે દરમ્યાન આવેલ રજૂઆત/વાધાઓનું કરવામાં આવેલ નિરાકરણ ઉપરાંત નિયત સમયમર્યાદા પછી પણ આવેલ રજૂઆત/ વાધાઓનો નિકાલ વર્તમાનમાં પણ નાગરિકોની સુવિધા માટે કરી આપવામાં આવે છે. નાગરિકોની વિશેષ સાનુકૂળતા માટે વેરો ભરવાની છેલ્લી મુદતમાં પણ વખતોવખત વધારો કરવામાં આવેલ છે.

મિલકત વેરાના અમલને માત્ર પાંચ માસ જેટલો સમય થયો છે તેથી નાગરિકો પર ટુકા સમયમાં અન્ય કોઈ વેરા / દરનું ભારણ ન આવે તે હેતુસર હાલ મિલકત વેરાની વસુલાત પર વિશેષ ભાર મુકીને નવા કરવેરા / દરનો બોજ ન નાખવાનું આયોજન છે.

મહાનગરપાલિકા નવરચિત હોવાના કારણે ઘણા પડકારો વચ્ચે પણ વર્તમાન કામગીરી તથા જે કોઈ વિકાસલક્ષી આયોજન ભવિષ્યને અનુલક્ષીને કરવામાં આવે છે, તેમાં માનનીય મેયરશ્રી, માનનીય ડેપ્યુટી મયેરશ્રી, સ્થાયી સમિતિના માનનીય અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિના માનનીય સભાસદશ્રીઓ , માનનીય વિપક્ષના નેતા, તથા ચુંટાયેલ પાંખના તમામ સભાસદશ્રીઓ દ્વારા હકારાત્મક અભિગમ થી સાથ-સહકાર આપવામાં આવી રહ્યો છે, તે ખુબ પ્રશસનીય છે. જે બદલ હું સૌનો હાર્દિક આભર માનું છું.

મહાનગરપાલિકાના વહીવટી તથા આર્થિક મુદાસર રાજ્ય સરકારશ્રી તરફથી વખતોવખત માર્ગદર્શન પ્રાપ્ત થયેલ છે, અને વિવિધ યોજનાકીય ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે, તે બદલ સરકારશ્રીનો પણ આભાર વ્યસ્ત કરું છું.

આ ઉપરાંત માર્યાદિત માળખું હોવા છતાં મારા સાથી અધિકારીઓ – કર્મચારીઓની સંઘભાવના તથા ક્રિયાશીલતા બદલ હું આભાર વ્યકત કરું છું અને તે સાથે સને ૨૦૧૨-૧૩ ના રીવાઈઝ અંદાજો સહ સને ૨૦૧૩-૧૪ નું ડ્રાફ્ટ અંદાજપત્ર સ્થાયી સમિતિ સમક્ષ મંજૂરી અર્થે રજુ કરું છું જે આપ સૌ સ્વીકારશો અને મંજુર કરશો તેવી અપેક્ષા રાખું છું.

તા.૦૫-૦૨-૨૦૧૩
ગાંધીનગર

એલ.પી.પાડલીઆ
મ્યુનિસિપલ કમિશનર

# ગાંધીનગર મહાનગરપાલિકા

## રેવન્યુ આવક અંદાજપત્ર વર્ષ ૨૦૧૩–૧૪

લાખમા

| બજેટ કોડ | સદર | એકાઉન્ટ કોડ | ૦૧–૦૪–૨૦૧૧ થી ૩૧–૦૩–૨૦૧૨ ખરેખર | ૨૦૧૨–૨૦૧૩ ની મંજૂર રકમ | ૦૧–૦૪–૨૦૧૨ થી ૩૦–૧૧–૨૦૧૨ ખરેખર | ૦૧–૧૨–૨૦૧૨ થી ૩૧–૦૩–૨૦૧૩ અંદાજ | ૨૦૧૨–૨૦૧૩ રીવાઈઝ અંદાજ રકમ | ૨૦૧૩–૧૪ કમિશ્નરશ્રીએ સુચવેલ રકમ | ૨૦૧૩–૧૪ સ્થાયી સમિતિએ ભલામણ કરેલ રકમ | ૨૦૧૩–૧૪ સમગ્ર સભાએ મંજૂર કરેલ રકમ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ટેક્ષ આવક | | | | | | | | | |
| ૨૦૧ | **મિલકતવેરા આવક** | | | | | | | | | |
| ૨૦૧ | ક્ષેત્રફળ આધારિત મિલકત વેરો | ૧૦૨૧૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૧૬.૩૮ | ૩૦૦.૦૦ | ૭૧૬.૩૮ | ૮૦૦.૦૦ | ૮૦૦.૦૦ | ૮૦૦.૦૦ |
| ૨૦૧ | મિલકત વેરા દંડનીય વ્યાજ | ૧૦૨૦૬ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૦૧ | મિલકત વેરા દંડ | ૧૦૨૧૭ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૦૧ | મિલકત વેરા નોટીસ ફી | ૧૦૨૧૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ટોટલ | | ૦.૦૦ | ૦.૦૦ | ૪૧૬.૩૮ | ૩૦૦.૦૦ | ૭૧૬.૩૮ | ૮૦૦.૦૦ | ૮૦૦.૦૦ | ૮૦૦.૦૦ |
| ૨૦૨ | **વ્યવસાય વેરા આવક** | | | | | | | | | |
| ૨૦૨ | વ્યવસાય વેરો | ૧૦૨૫૧ | ૬૪.૫૦ | ૧૫૦.૦૦ | ૨૫૧.૯૩ | ૧૦૦.૦૦ | ૩૫૧.૯૩ | ૪૦૦.૦૦ | ૪૦૦.૦૦ | ૪૦૦.૦૦ |
| ૨૦૨ | વ્યવસાય વેરા દંડનીય વ્યાજ | ૧૦૨૫૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૦૨ | વ્યવસાય વેરા નોટીસ ફી | ૧૦૨૫૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ટોટલ | | ૬૪.૫૦ | ૧૫૦.૦૦ | ૨૫૧.૯૩ | ૧૦૦.૦૦ | ૩૫૧.૯૩ | ૪૦૦.૦૦ | ૪૦૦.૦૦ | ૪૦૦.૦૦ |
| ૨૦૩ | થિયેટર ટેક્ષ | ૧૦૩૦૨ | ૦.૦૧ | ૦.૫૦ | ૦.૦૦ | ૦.૧૦ | ૦.૧૦ | ૦.૧૦ | ૦.૧૦ | ૦.૧૦ |
| | ટોટલ | | ૬૪.૫૧ | ૧૫૦.૫૦ | ૬૬૮.૩૧ | ૪૦૦.૧૦ | ૧૦૬૮.૪૧ | ૧૨૦૦.૧૦ | ૧૨૦૦.૧૦ | ૧૨૦૦.૧૦ |
| | નોન ટેક્ષ આવક | | | | | | | | | |
| ૧૧૧ | બેંક વ્યાજ | ૨૩૧૦૯ | ૧૨.૭૬ | ૧૫.૦૦ | ૪.૩૬ | ૨.૬૪ | ૭.૦૦ | ૮.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ |
| ૧૧૧ | બેંક રોકાણો પરનું વ્યાજ | ૨૩૧૦૩ | ૧૫.૬૩ | ૫.૦૦ | ૯૦.૫૦ | ૪૯.૫૦ | ૧૪૦.૦૦ | ૧૫૦.૦૦ | ૧૬૦.૦૦ | ૧૬૦.૦૦ |
| | સફાઈ ચાર્જ | ૧૩૪૦૫ | ૦.૦૦ | ૫૧.૯૦ | ૯.૩૩ | ૫.૬૭ | ૧૫.૦૦ | ૨૫.૦૦ | ૩૦.૦૦ | ૩૦.૦૦ |
| ૧૦૫ | વહીવટી ચાર્જ | ૧૩૪૬૦ | ૬.૧૯ | ૧૦.૦૦ | ૦.૭૭ | ૦.૨૩ | ૧.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ |
| ૩૯૧ | સીટી બસ વાર્ષિક પ્રિમિયમ | ૧૩૪૬૧ | ૧.૧૧ | ૧.૧૧ | ૦.૦૦ | ૧.૧૧ | ૧.૧૧ | ૩.૧૧ | ૩.૧૧ | ૩.૧૧ |
| ૧૧૫ | ચુંટણી શાખાની આવક | ૧૩૧૨૪ | ૦.૩૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |

## રેવન્યુ આવક અંદાજપત્ર વર્ષ ૨૦૧૩–૧૪

લાખમા

| બજેટ કોડ | સદર | એકાઉન્ટ કોડ | ૦૧–૦૪–૨૦૧૧ થી ૩૧–૦૩–૨૦૧૨ ખરેખર | ૨૦૧૨–૨૦૧૩ ની મંજૂર રકમ | ૦૧–૦૪–૨૦૧૨ થી ૩૦–૧૧–૨૦૧૨ ખરેખર | ૦૧–૧૨–૨૦૧૨ થી ૩૧–૦૩–૨૦૧૩ અંદાજ | ૨૦૧૨–૨૦૧૩ રીવાઈઝ અંદાજ રકમ | ૨૦૧૩–૧૪ કમિશ્નરશ્રીએ સુચવેલ રકમ | ૨૦૧૩–૧૪ સ્થાયી સમિતિએ ભલામણ કરેલ રકમ | ૨૦૧૩–૧૪ સમગ્ર સભાએ મંજૂર કરેલ રકમ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૦૧ | ફાયર સેફટી વરઘી આવક | ૧૦૩૦૬ | ૦.૮૮ | ૨.૦૦ | ૦.૧૭ | ૦.૮૩ | ૧.૦૦ | ૨.૦૦ | ૨.૦૦ | ૨.૦૦ |
| ૨૧૫ | દુકાન–લારીગલ્લા ભાડાની આવક | ૧૩૧૨૨ | ૨૩.૬૬ | ૭૦.૦૦ | ૨.૫૨ | ૨.૪૮ | ૫.૦૦ | ૨૫.૦૦ | ૨૫.૦૦ | ૨૫.૦૦ |
| | ફટાકડા દુકાન ભાડા આવક | ૧૩૧૨૧ | ૦.૦૬ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ |
| ૧૦૫ | ટેન્ડર ફી આવક | ૧૩૩૦૯ | ૦.૬૭ | ૦.૫૦ | ૦.૩૩ | ૦.૧૭ | ૦.૫૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ |
| ૧૭૧ | RTI ફી આવક | ૧૩૩૧૪ | ૦.૦૦ | ૦.૦૫ | ૦.૦૧ | ૦.૦૧ | ૦.૦૨ | ૦.૦૫ | ૦.૦૫ | ૦.૦૫ |
| ૧૦૫ | પરચુરણ આવક | ૨૩૩૧૮ | ૦.૩૩ | ૧.૦૧ | ૦.૦૦ | ૦.૫૦ | ૦.૫૦ | ૦.૫૦ | ૦.૫૦ | ૦.૫૦ |
| ૧૦૫ | દંડનીય આવક | ૨૩૩૩૪ | ૦.૭૪ | ૦.૨૦ | ૦.૦૦ | ૦.૧૦ | ૦.૧૦ | ૦.૧૦ | ૦.૧૦ | ૦.૧૦ |
| ૬૦૧ | ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ માંથી મળેલ આવક | ૧૮૧૦૩ | ૦.૦૦ | ૦.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ઓડિટ રીકવરી | ૧૩૩૦૮ | ૦.૦૪ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ટોટલ | | ૬૧.૦૩ | ૧૫૭.૨૭ | ૧૦૭.૯૯ | ૬૩.૨૪ | ૧૭૧.૨૩ | ૨૨૫.૭૬ | ૨૪૨.૭૬ | ૨૪૨.૭૬ |
| | **યુઝર ચાર્જીસ** | | | | | | | | | |
| ૩૫૨ | કન્ટેનર ભાડું | ૨૩૩૩૫ | ૦.૪૩ | ૦.૫૦ | ૯.૬૪ | ૨.૩૬ | ૧૨.૦૦ | ૧૫.૦૦ | ૧૫.૦૦ | ૧૫.૦૦ |
| ૩૫૨ | ટ્રેકટર ડમ્પર ભાડું | ૨૩૩૩૬ | ૯.૧૧ | ૧૦.૦૦ | ૯.૩૩ | ૨.૬૭ | ૧૨.૦૦ | ૧૫.૦૦ | ૧૫.૦૦ | ૧૫.૦૦ |
| ૬૦૪ | રંગમંચ ભાડું | ૧૩૧૨૩ | ૦.૭૦ | ૧.૦૦ | ૦.૦૮ | ૦.૯૨ | ૧.૦૦ | ૧.૦૦ | ૦.૫૦ | ૦.૫૦ |
| ૧૧૧ | યુઝર ચાર્જ આવક | ૧૩૪૧૮ | ૦.૮૩ | ૧.૦૦ | ૦.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ |
| | ટોટલ | | ૧૧.૦૭ | ૧૨.૫૦ | ૧૯.૦૫ | ૬.૯૫ | ૨૬.૦૦ | ૩૨.૦૦ | ૩૧.૫૦ | ૩૧.૫૦ |
| | રેવન્યુ ગ્રાંટ આવક | | | | | | | | | |
| ૧૧૧ | કોર્પોરેશન પ્રારંભિક રેવન્યુ ગ્રાંટ | ૧૮૧૩૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૭૦૮ | ઓકટ્રોય વળતર ગ્રાંટ | ૧૮૧૪૫ | ૧૧૦૦.૦૦ | ૧૨૦૦.૦૦ | ૮૦૦.૦૦ | ૪૦૦.૦૦ | ૧૨૦૦.૦૦ | ૧૨૦૦.૦૦ | ૧૫૦૦.૦૦ | ૧૫૦૦.૦૦ |
| ૧૧૧ | સરકારી ગ્રાંટ(જનરલ પરપઝ ૧૩ મું નાણાંપંચ | ૨૩૩૧૮ | ૭૦.૧૦ | ૧૦.૦૦ | ૩૯.૧૨ | ૩૦.૮૮ | ૭૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૫૩ | મહિલા જાગૃતિ શિબિર ગ્રાંટ | ૧૮૧૨૨ | ૦.૪૦ | ૦.૦૦ | ૦.૨૬ | ૦.૨૪ | ૦.૫૦ | ૦.૫૦ | ૦.૫૦ | ૦.૫૦ |
| ૪૦૫ | મેલેરિયા કન્ટીજન્સી ગ્રાંટ | ૧૮૧૨૩ | ૧.૦૦ | ૦.૦૦ | ૮.૫૦ | ૧.૫૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ |

## રેવન્યુ આવક અંદાજપત્ર વર્ષ ૨૦૧૩–૧૪

લાખમા

| બજેટ કોડ | સદર | એકાઉન્ટ કોડ | ૦૧–૦૪–૨૦૧૧ થી ૩૧–૦૩–૨૦૧૨ ખરેખર | ૨૦૧૨–૨૦૧૩ ની મંજૂર રકમ | ૦૧–૦૪–૨૦૧૨ થી ૩૦–૧૧–૨૦૧૨ ખરેખર | ૦૧–૧૨–૨૦૧૨ થી ૩૧–૦૩–૨૦૧૩ અંદાજ | ૨૦૧૨–૨૦૧૩ રીવાઈઝ્ડ અંદાજ રકમ | ૨૦૧૩–૧૪ કમિશ્નરશ્રીએ સુચવેલ રકમ | ૨૦૧૩–૧૪ સ્થાયી સમિતિએ ભલામણ કરેલ રકમ | ૨૦૧૩–૧૪ સમગ્ર સભાએ મંજૂર કરેલ રકમ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૦૫ | મેલેરિયા રોજમદાર કર્મચારી પગાર ગ્રાંટ | ૧૮૧૨૪ | ૬.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૬.૦૦ | ૬.૦૦ | ૭.૦૦ | ૭.૦૦ | ૭.૦૦ |
| ૪૦૫ | મેલેરિયા સ્ટાફ પગાર ગ્રાંટ | ૧૮૧૨૫ | ૧૭૬.૦૦ | ૧૨૦.૦૦ | ૩૨.૦૯ | ૮૭.૯૧ | ૧૨૦.૦૦ | ૧૫૦.૦૦ | ૧૭૦.૦૦ | ૧૭૦.૦૦ |
| ૧૧૧ | કેબલ ટીવી ગ્રાંટ | ૧૮૧૧૯ | ૦.૦૦ | ૨૦.૦૦ | ૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ | ૩૦.૦૦ | ૩૦.૦૦ |
| ૩૫૧ | રોડ રીપેરીંગ ગ્રાંટ | ૧૮૧૧૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૧૧ | લેન્ડ રેવન્યુ ગ્રાંટ | ૧૮૧૦૬ | ૯.૧૭ | ૧૦.૦૦ | ૯.૧૭ | ૦.૮૩ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ |
| ૭૦૮ | ખેલ મહાકુંભ ગ્રાંટ | ૧૮૧૨૧ | ૧૩૧.૫૬ | ૫૦.૦૦ | ૦.૦૦ | ૬૬.૦૪ | ૬૬.૦૪ | ૫૦.૦૦ | ૭૦.૦૦ | ૭૦.૦૦ |
| ૩૫૧ | નિર્મલ ગુજરાત (શહેરી સ્વચ્છતા) ગ્રાંટ NIF | ૧૮૧૧૮ | ૨૦.૦૦ | ૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ |
| ૧૨૧ | સેન્સસ –વસ્તી ગણતરી ગ્રાંટ | ૧૮૧૨૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૦૬ | મનોરંજન કર ગ્રાંટ | ૧૮૧૧૬ | ૧૯.૭૬ | ૨૦.૦૦ | ૧૯.૭૬ | ૦.૨૪ | ૨૦.૦૦ | ૨૦.૦૦ | ૨૫.૦૦ | ૨૫.૦૦ |
| ૩૩૧ | નિર્મળ શૌચાલય ગ્રાન્ટ | ૧૮૧૨૯ | ૧૯.૦૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ |
| | મિશન મંગલમ ગ્રાંટ | ૧૮૧૨૬ | ૩.૦૦ | ૦.૦૦ | ૦.૮૪ | ૨.૧૬ | ૩.૦૦ | ૩.૦૦ | ૩.૦૦ | ૩.૦૦ |
| | શહેરી જયંતિ રોજગાર યોજના ગ્રાંટ | ૧૮૧૨૭ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૭.૬૫ | ૨.૩૫ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ |
| | વિવેકાનંદ યુવક મંડળ ગ્રાંટ | ૧૮૧૨૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૨.૦૦ | ૦.૦૦ | ૨.૦૦ | ૨.૦૦ | ૨.૦૦ | ૨.૦૦ |
| | વ્યવસાય વેરા ગ્રાંટ | ૧૮૧૨૯ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૩૦.૧૭ | ૧૯.૮૩ | ૧૫૦.૦૦ | ૧૫૦.૦૦ | ૧૭૦.૦૦ | ૧૭૦.૦૦ |
| | ટોટલ | | ૧૫૫૬.૦૦ | ૧૪૩૦.૦૦ | ૧૦૯૯.૫૬ | ૬૬૭.૯૮ | ૧૭૬૭.૫૪ | ૧૮૧૨.૫૦ | ૨૧૮૭.૫૦ | ૨૧૮૭.૫૦ |
| | કુલ એકંદર | | ૧૬૯૨.૬૪ | ૧૭૫૦.૨૭ | ૧૮૯૪.૮૧ | ૧૧૩૮.૨૭ | ૩૦૩૩.૧૮ | ૩૨૭૦.૩૬ | ૩૬૬૧.૮૬ | ૩૬૬૧.૮૬ |

# ગાંધીનગર મહાનગરપાલિકા

## રેવન્યુ ખર્ચ અંદાજપત્ર વર્ષ ૨૦૧૩–૧૪

લાખમા

| બજેટ કોડ | સદર | એકાઉન્ટ કોડ | ૦૧–૦૪–૨૦૧૧ થી ૩૧–૦૩–૨૦૧૨ ખરેખર | ૨૦૧૨–૨૦૧૩ ની મંજૂર રકમ | ૦૧–૦૪–૨૦૧૨ થી ૩૦–૧૧–૨૦૧૨ ખરેખર | ૦૧–૧૨–૨૦૧૨ થી ૩૧–૦૩–૨૦૧૩ અંદાજ | ૨૦૧૨–૨૦૧૩ રીવાઈઝ અંદાજ રકમ | ૨૦૧૩–૧૪ કમિશ્નરશ્રીએ સુચવેલ રકમ | ૨૦૧૩–૧૪ સ્થાયી સમિતિએ ભલામણ કરેલ રકમ | ૨૦૧૩–૧૪ સમગ્ર સભાએ મંજૂર કરેલ રકમ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મહેકમ ખર્ચ | | | | | | | | | |
| ૧૧૧ | મુકાદમ આઉટસોર્સીંગ ખર્ચ | ૫૭૪૩૨ | ૭.૨૦ | ૧૫.૦૦ | ૬.૭૭ | ૮.૨૩ | ૧૫.૦૦ | ૧૫.૦૦ | ૧૫.૦૦ | ૧૫.૦૦ |
| ૧૧૧ | પગાર–મહેકમ,આઉટ સોર્સીંગ તથા સંલગ્ન ખર્ચ | ૩૦૧૦૬ | ૩૦૯.૭૩ | ૪૫૦.૦૦ | ૨૦૫.૭૬ | ૨૯૪.૨૪ | ૫૦૦.૦૦ | ૧૪૦૦.૦૦ | ૧૪૦૦.૦૦ | ૧૪૦૦.૦૦ |
| ૧૧૧ | યુનિફોર્મ ખર્ચ | ૩૦૪૦૧ | ૧.૫૬ | ૪.૦૦ | ૦.૦૦ | ૪.૦૦ | ૪.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ |
| ૧૧૧ | બોનસ ખર્ચ | ૩૦૬૦૫ | ૨.૭૩ | ૬.૦૦ | ૩.૨૮ | ૧.૭૨ | ૫.૦૦ | ૬.૦૦ | ૬.૦૦ | ૬.૦૦ |
| ૩૦૧ | ફાયર બ્રિગેડ કર્મચારી પગાર | ૩૦૬૨૮ | ૬.૧૨ | ૧૦.૦૦ | ૪.૨૨ | ૫.૭૮ | ૧૦.૦૦ | ૧૪.૦૦ | ૧૪.૦૦ | ૧૪.૦૦ |
| ૪૦૫ | વેજીસ મેલેરિયા સ્ટાફ | ૩૦૬૨૩ | ૫.૯૭ | ૫.૦૦ | ૪.૬૫ | ૧.૩૫ | ૬.૦૦ | ૬.૦૦ | ૬.૦૦ | ૬.૦૦ |
| ૩૫૧ | સફાઈ ખર્ચ | ૫૫૭૨૧ | ૦.૦૦ | ૯૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩૫૨ | સફાઈ કર્મચારી પગાર | ૩૦૬૨૭ | ૨૬.૦૭ | ૩૫.૦૦ | ૩૧.૨૦ | ૧૮.૮૦ | ૫૦.૦૦ | ૬૦.૦૦ | ૬૦.૦૦ | ૬૦.૦૦ |
| ૪૦૫ | બોનસ ટુ મેલેરિયા ખર્ચ | ૩૦૬૨૯ | ૦.૦૭ | ૦.૪૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪૦૫ | સેલેરી ટુ અર્બન મેલેરિયા સ્ટાફ | ૩૦૬૧૪ | ૧૩૬.૯૦ | ૧૩૦.૦૦ | ૭૮.૧૪ | ૫૧.૮૬ | ૧૩૦.૦૦ | ૧૪૦.૦૦ | ૧૪૦.૦૦ | ૧૪૦.૦૦ |
| ૧૧૧ | વેજીસ ડ્રાઈવર ઓફિસ | ૩૦૬૨૮ | ૦.૪૦ | ૦.૮૦ | ૪.૭૮ | ૩.૨૨ | ૮.૦૦ | ૯.૦૦ | ૯.૦૦ | ૯.૦૦ |
| ૧૧૧ | સફાઈ આઉટસોર્સીંગ ખર્ચ | ૪૯૩૦૬ | ૮૦.૨૫ | ૧૦૦.૦૦ | ૫૬.૪૩ | ૨૮.૫૭ | ૮૫.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| | કુલ | | ૫૭૭.૦૦ | ૮૪૬.૨૦ | ૩૯૫.૨૩ | ૪૧૭.૭૭ | ૮૧૩.૦૦ | ૧૭૫૫.૦૦ | ૧૭૫૫.૦૦ | ૧૭૫૫.૦૦ |
| ૨ | કન્ટીઝન્સી ખર્ચ | | | | | | | | | |
| ૧૦૫ | ઓફિસ ખર્ચ | ૩૪૪૧૮ | ૫.૬૧ | ૫.૦૦ | ૨.૮૦ | ૩.૨૦ | ૬.૦૦ | ૧૦.૦૦ | ૯.૦૦ | ૯.૦૦ |
| ૧૦૫ | પોસ્ટેજ સ્ટેમ્પ ડયુટી ખર્ચ | ૩૪૧૦૪ | ૦.૦૫ | ૦.૧૦ | ૦.૦૪ | ૦.૧૬ | ૦.૨૦ | ૦.૩૦ | ૦.૩૦ | ૦.૩૦ |
| ૧૦૫ | પ્રિન્ટીગ સ્ટેશનરી ખર્ચ | ૩૪૪૦૧ | ૨.૨૩ | ૩.૦૦ | ૭.૦૦ | ૩.૦૦ | ૧૦.૦૦ | ૧૩.૦૦ | ૧૩.૦૦ | ૧૩.૦૦ |

# ગાંધીનગર મહાનગરપાલિકા

## કેપીટલ ખર્ચ અંદાજપત્ર વર્ષ ૨૦૧૩–૧૪

લાખમાં

| બજેટ કોડ | સદર | એકાઉન્ટ કોડ | ૦૧–૦૪–૨૦૧૧ થી ૩૧–૦૩–૨૦૧૨ ખરેખર | ૨૦૧૨–૨૦૧૩ ની મંજૂર રકમ | ૦૧–૦૪–૨૦૧૨ થી ૩૦–૧૧–૨૦૧૨ ખરેખર | ૦૧–૧૨–૨૦૧૨ થી ૩૧–૦૩–૨૦૧૩ અંદાજ | ૨૦૧૨–૨૦૧૩ રીવાઈઝ અંદાજ રકમ | ૨૦૧૩–૧૪ કમિશ્નરશ્રીએ સૂચવેલ રકમ | ૨૦૧૩–૧૪ સ્થાયી સમિતિએ ભલામણ કરેલ રકમ | ૨૦૧૩–૧૪ સામાન્ય સભાએ મંજૂર કરેલ રકમ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | **રેવન્યુ કેપીટલ ખર્ચ** | | | | | | | | | |
| ૩૫૨ | સફાઈના વાહનો તથા કન્ટેઈનર | ૬૦૮૦૮ | ૦.૦૦ | ૧૨૫.૦૦ | ૪.૪૩ | ૪૫.૫૭ | ૫૦.૦૦ | ૧૨૫.૦૦ | ૨૭૫.૦૦ | ૨૭૫.૦૦ |
| ૬૦૧ | ગાંધીનગરના પ્રજાજનો માટે વિશ્રામ બેઠક બાંકડા સુવિધા | ૬૫૦૫૧ | ૦.૦૦ | ૩.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩૫૨ | નવીન ટ્રેકટર તથા સંલગ્ન સાધનો | ૬૦૮૦૩ | ૧૧.૮૫ | ૮.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ |
| ૩૮૧ | અગ્નિશમન સેવાના વાહનો | ૬૦૮૦૪ | ૦.૦૦ | ૧૦.૦૦ | ૦.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ | ૧૫.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ |
| ૩૫૨ | નવીન જેસીબી મશીન રાખવા | ૬૦૮૦૫ | ૦.૦૦ | ૩૦.૦૦ | ૦.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ | ૩૫.૦૦ | ૩૫.૦૦ | ૩૫.૦૦ |
| | કુતરા પકડવા વાહન | ૬૦૮૦૬ | ૨.૭૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૩.૦૦ | ૩.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ |
| | ટેલીફોન ઈન્ટરકોમ | ૬૦૯૦૪ | ૦.૨૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ |
| ૧૦૫ | એર કન્ડીશન | ૬૦૯૧૨ | ૧.૬૭ | ૦.૫૦ | ૦.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૫.૦૦ | ૪.૦૦ | ૫.૦૦ |
| ૧૦૫ | ફર્નિચર અને ફીક્ચર્સ | ૬૧૦૦૧ | ૯.૮૦ | ૦.૫૦ | ૦.૯૩ | ૧૪.૦૭ | ૧૫.૦૦ | ૩૦.૦૦ | ૨૫.૦૦ | ૩૦.૦૦ |
| ૧૧૪ | કોમ્પ્યુટર –પ્રિન્ટર અને લેપટોપ | ૬૦૯૧૨ | ૦.૩૯ | ૧.૦૦ | ૩.૫૦ | ૩.૫૦ | ૭.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ |
| ૧૦૫ | ફેક્સ મશીન અને ઝેરોક્ષ મશીન | ૬૦૯૦૧ | ૦.૧૬ | ૦.૨૫ | ૩.૦૫ | ૧.૯૫ | ૫.૦૦ | ૫.૦૦ | ૩.૦૦ | ૫.૦૦ |
| | સોફ્ટવેર પ્રોગ્રામીગ | ૬૦૯૧૫ | ૦.૬૨ | ૦.૦૦ | ૭.૧૦ | ૭.૯૦ | ૧૫.૦૦ | ૨૦.૦૦ | ૧૦.૦૦ | ૧૫.૦૦ |
| ૧૧૬ | ઈ–ગર્વનર પ્રોજેક્ટ હેઠળ વેબસાઈટ તૈયાર કરાવવા તથા માહિતી કેન્દ્રો ઓનલાઈન કરવા | ૬૦૯૧૬ | ૦.૦૦ | ૨૦.૦૦ | ૦.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ | ૨૦.૦૦ | ૧૫.૦૦ | ૧૫.૦૦ |
| ૪૪૪ | મુક્તિ ધામ તથા કબ્રસ્તાનમાં જરૂરી સુવિધા વધારવા બાબત | ૬૦૧૦૧ | ૦.૦૦ | ૧૦.૦૦ | ૦.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ | ૧૦.૦૦ | ૧૫.૦૦ | ૧૫.૦૦ |
| | શહેરી ગરીબ અને પછાત વિસ્તારમાં વિકાસ કામો અંગે. | ૬૪૧૦૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૫૦.૦૦ | ૨૦૦.૦૦ | ૨૦૦.૦૦ |
| ૪૦૪ | ફોગીગ મશીન | ૬૦૮૦૭ | ૦.૦૦ | ૨.૦૦ | ૦.૦૦ | ૨.૦૦ | ૨.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ |
| ૪૦૧ | અર્બન હેલ્થ સેન્ટર | ૬૦૮૦૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૦૦ | ૧૫.૦૦ | ૧૫.૦૦ |
| ૩૫૨ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ મશીનરી અને સાધનો તેમજ સાયન્ટીફીક લેન્ડ ફીલ સાઈટ | ૬૦૮૦૯ | ૦.૦૦ | ૧૨૦૦.૦૦ | ૫૦૦.૦૦ | ૦.૦૦ | ૫૦૦.૦૦ | ૧૫૦૦.૦૦ | ૧૫૦૦.૦૦ | ૧૫૦૦.૦૦ |
| ૩૩૧ | દશ સીટેડ મોબાઈલ ટોઈલેટ | ૬૦૯૦૨ | ૦.૦૦ | ૨૦.૦૦ | ૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ | ૧૮.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ |
| | કુદરતી સંકટ/આપત્તિ પુર વિગેરે માટેના સહાયની અદ્યતન સાધનોથી ફાયર બ્રિગેડને સુસજ્જ કરવું. | ૬૪૧૦૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ |
| | અદ્યતન ઢોર–ડબા નવા બનાવવા | ૬૪૧૦૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ |
| | મૃતક જાનવરોની કાયમી નિકાલ વ્યવસ્થા | ૬૪૧૦૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ |
| | સમાધી લેનાર સમાજ માટે સમાધી ધામ | ૬૦૧૦૨ | | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦.૦૦ | ૦.૦૦ |

# ગાંધીનગર મહાનગરપાલિકા

## કેપીટલ ખર્ચ અંદાજપત્ર વર્ષ ૨૦૧૩–૧૪

લાખમાં

| બજેટ કોડ | સદર | એકાઉન્ટ કોડ | ૦૧–૦૪–૨૦૧૧ થી ૩૧–૦૩–૨૦૧૨ ખરેખર | ૨૦૧૨–૨૦૧૩ ની મંજુર રકમ | ૦૧–૦૪–૨૦૧૨ થી ૩૦–૧૧–૨૦૧૨ ખરેખર | ૦૧–૧૨–૨૦૧૨ થી ૩૧–૦૩–૨૦૧૩ અંદાજ | ૨૦૧૨–૨૦૧૩ રીવાઈઝ્ડ અંદાજ રકમ | ૨૦૧૩–૧૪ કમિશ્નરશ્રીએ સુચવેલ રકમ | ૨૦૧૩–૧૪ સ્થાયી સમિતિએ ભલામણ કરેલ રકમ | ૨૦૧૩–૧૪ સમગ્ર સભાએ મંજુર કરેલ રકમ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | નાગરિક સુવિધા કેન્દ્ર તથા મહાનગરપાલિકાની મકાનમાં સી.સી. ટીવી કેમેરા લગાવી પારદર્શકતા લાવવી. | ૬૦૯૦૨ | | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 | ૨.00 | ૨.00 |
| ૩૮૧ | બહુમાળીભવનમાં નવીન ઓફીસો/નવીન મકાન | ૬૧૦૦૨ | 0.00 | ૧૦.00 | 0.00 | ૧૦.00 | ૧૦.00 | ૫૦.00 | ૧૦૫૦.00 | ૧૦૫૦.00 |
| ૬૦૪ | રંગમંચ રીનોવેશન | ૬૪૧૦૬ | 0.00 | ૧૫.00 | 0.00 | ૫.00 | ૫.00 | ૧૫.00 | ૨૦૦.00 | ૧૦૦.00 |
| ૧૦૧ | માન. સભાસદશ્રીઓના સુચનના કામો કરવા સભાસદદીઠ (વાર્ષિક રૂ. ૩ લાખ) | ૬૪૧૦૪ | 0.00 | ૯૯.00 | ૧૧.૬૮ | ૨૫.00 | ૩૬.૬૮ | ૯૯.00 | ૧૯૮.00 | ૧૯૮.00 |
| | માનનીય મેયરશ્રીના સુચન મુજબના લોક સુવિધા/ વિકાસના કાર્યો માટે | ૬૪૧૦૫ | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 | ૨૦૦.00 | ૧૦.00 | ૨૦૦.00 |
| | નવીન સીટી કન્વેન્શન સેન્ટર | ૬૪૧૦૭ | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 | ૨૫.00 | 0.00 |
| | કુલ એકંદર | | ૨૭.૪૨ | ૧૫૫૪.૭૫ | ૫૩૦.૬૯ | ૧૫૮.૯૯ | ૬૮૯.૬૮ | ૨૩૨૫.00 | ૩૭૫૯.00 | ૩૮૨૭.00 |
| | | | | | | | | | | |
| ૭ | **લોન કેપીટલ ખર્ચ** | | | | | | | | | |
| ૧૧૧ | રાજય સરકારની લોન પરત | ૮૯૧૦૧ | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| | કુલ | | | 0.00 | | | | | | |
| | | | | | | | | | | |
| ૮ | **ગ્રાંટ કેપીટલ ખર્ચ** | | | | | | | | | |
| ૧૧૪ | કોમ્પ્યુટર પ્રિન્ટર | ૬૦૯૧૨ | 0.00 | ૭.૫૦ | 0.00 | ૭.૫૦ | ૭.૫૦ | 0.00 | 0.00 | 0.00 |
| | કુલ | | 0.00 | ૭.૫૦ | 0.00 | ૭.૫૦ | ૭.૫૦ | 0.00 | | |
| | | | | | | | | | | |
| ૧૧૧ | ડિપોઝીટ અનામત ખર્ચ | ૮૯૧૦૨ | 0.00 | ૨૦.00 | ૩.૯૦ | ૩.૧૦ | ૭.00 | ૧૦.00 | ૧૦.00 | ૧૦.00 |
| | કુલ | | 0.00 | ૨૦.00 | ૩.૯૦ | ૩.૧૦ | ૭.00 | ૧૦.00 | ૧૦.00 | ૧૦.00 |
| | કુલ એકંદર | | ૨૭.૪૨ | ૧૫૮૨.૨૫ | ૫૩૪.૫૯ | ૧૬૯.૫૯ | ૭૦૪.૧૮ | ૨૩૩૫.00 | ૩૭૬૯.00 | ૩૮૩૭.00 |